मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

ભાવનગર

પુસ્તક ૭૫ મું
અંક ૨
૧૦ મી ડીસેમ્બર

વીર સં. ૨૫૦૫
વિ. સં. ૨૦૩૫
ઈ. સ. ૧૯૭૮

श्री जैनधर्म प्रसारक सभा.

न रूवलावण्णविलासहासं,
न जंपियं इंगिय-पेहियं वा ।
इत्थीण चित्तंसि निवेसइत्ता,
दट्ठुं ववस्से समणे तवस्सी ॥

अदंसणं चेव अपत्थणं च,
अचिंतणं चेव अकित्तणं य ।
इत्थीजणस्सोऽऽरियज्झाण जुग्गं,
हियं सया बंभवए रयाणं ॥

આત્મશોધન માટે પ્રયાસ કરનાર સાધુપુરુષે પોતાના ચિત્તમાં સ્ત્રીઓને લક્ષમાં રાખીને, તેમનાં રૂપ, લાવણ્ય, વિલાસ, હાસ્ય, જલ્પન, ચેનચાળા કે કટાક્ષોને જોવાનો કદી પણ પ્રયાસ ન કરવો.

સ્ત્રીઓ પ્રત્યે રાગદૃષ્ટિથી નજર ન કરવી, એ જ ભાવે સ્ત્રીઓનો અભિલાષ ન કરવો, તેમ વિચાર પણ ન કરવો અને તેનું કીર્તન-પ્રશંસા પણ ન કરવી-આ બધું બ્રહ્મચર્યપાલન માટે તત્પર થયેલા મનુષ્યોને માટે સદા હિતરૂપ છે અને આર્યધ્યાન-શુભધ્યાન-સાધવાની સુંદર ભૂમિકારૂપ છે.

—મહાવીર વાણી

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ :: વર્ષ ૭૫ મું :: વાર્ષિક લવાજમ રૂ-૪-૦ પોસ્ટેજ સહિત

## अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧. | દ્વિતીય "નમો સિદ્ધાણં" પદનું સ્તવન .... | (મુનિરાજ શ્રી નિત્યાનંદવિજયજી) | ૧૭ |
| ૨. | ઐન્દ્ર-સ્તુતિ-ચતુર્વિંશતિકા-સાનુવાદ .... | (મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી) | ૧૮ |
| ૩. | દ્વંદ્વાતીત ઈશ્વરસ્વરૂપ .... | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૧૯ |
| ૪. | વિવેકદૃષ્ટિ કેળવવાની અગત્ય .... | .... (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી) | ૨૧ |
| ૫. | આબૂ પર પાંચ દિવસ .... | .... (શ્રી દીપચંદ જીવણલાલ શાહ) | ૨૩ |
| ૬. | રાજકન્યાઓની પરીક્ષા .... | .... (શ્રી હીરાલાલ ર. કાપડીઆ M. A.) | ૨૯ |
| ૧૦ | શ્રી પ્રશ્નોત્તરસાર્ધશતક : ૧૮ | (અનુ૦ આ. શ્રી વિજયમહેંદ્રસૂરિજી) | ૩૨ |
| ૧૨ | પુસ્તકોની પહોંચ .... | .... .... .... | ટા. પે. ૩-૪ |


## નવા મેમ્બર

૧ શેઠ પ્રાગજીભાઈ અંદરજી લાઇફ મેમ્બર મુંબઈ

## સંયુક્ત અંક

સને ૧૯૫૯માં "શ્રી જૈન ધર્મ પ્રકાશ"ની પ્રસિદ્ધિ તારીખ દશમી નિર્ણીત થઈને આવવાથી હવે પછીનો પોષ તથા મહા માસનો સંયુક્ત અંક તા. ૧૦ મી ફેબ્રુઆરી ૧૯૫૯ સં. ૨૦૧૫ના મહા શુદિ ૩ ને મંગળવારના રોજ પ્રસિદ્ધ થશે.

## લાઇફ મેમ્બરોને

ગયા અંકમાં આપના ભેટ-પુસ્તકો મગાવી લેવા માટે રંગીન-ચીઠીદ્વારા સૂચન કરવામાં આવેલ છે. હજી પણ કેટલાક લાઇફ મેમ્બરોએ પોતના પુસ્તકો મગાવી લીધા નથી, તો સત્વર મગાવી લેવા વિજ્ઞપ્તિ છે. ભેટ પુસ્તકના પોસ્ટેજના ૦-૭-૦ સાત આનાનો સ્ટાંપ મોકલવાથી પુસ્તકો બુક-પોસ્ટથી મોકલી આપવામાં આવશે.


## સ્વાધ્યાયરત્નાવલી

શ્રી ભરહેસરની સજ્ઝાયમાં આવતાં મહાન્ પુરુષોના જીવનને સંક્ષિપ્ત રીતે છતાં રોચક ભાષામાં વર્ણવી લેતી અને સાથોસાથ તે દરેક મહાપુરુષના જીવનને વર્ણવતી સજ્ઝાય યુક્ત, આ ગ્રંથ અનોખી જ ભાત પાડે છે. અભ્યાસ તેમજ સામાયિકમાં વાંચન માટે આ ગ્રંથ ઉપયોગી છે. છતાં મૂલ્ય માત્ર રૂ. ૧-૪-૦ પોસ્ટેજ અલગ. લખોઃ—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ધર્મ પ્રકાશ


| પુસ્તક ૭૫ મું<br>અંક ૨ જો | માગશર | વીર સં. ૨૪૮૫<br>વિ. સં. ૨૦૧૫ |
|---|---|---|


## દ્વિતીય "નમો સિદ્ધાણં" પદનું સ્તવન

(રાગ-જેમ જેમ એ ગિરિ ભેટિયે રે...)

નમો સિદ્ધાણં બીજે પદે રે, રહિત આઠે કર્મ સલૂણા;
શુકલધ્યાનરૂપી અગ્નિથી રે, ઈન્ધને બાળ્યા કર્મ સલૂણા. ૧

અપુનરાવૃત્તિએ ગયા રે, મોક્ષનગર થયા સિદ્ધ સલૂણા;
સર્વથા કૃતકૃત્ય થયા રે, ન કોઈ કાર્ય અસિદ્ધ સલૂણા. ૨

જ્ઞાન દર્શન અનંત છે રે, ચરણ વીર્ય અનંત સલૂણા;
સમયમાં લોકાંત ગયા રે, સ્થિતિ સાદિ અનંત સલૂણા. ૩

સિદ્ધ પ્રભુના પસાયથી રે, ગુણગણપ્રાપ્તિ થાય સલૂણા;
તત્ત્વનો અનુભવ જે કરે રે, મંગળ રૂપ તે થાય સલૂણા. ૪

અર્પે પ્રમોદ ભવ્ય જીવને રે, અતિ ઉપકારક તેહ સલૂણા;
પ્રેમ જંબૂ વાંછા કરે રે, નિત્યાનંદ પદ રેહ સલૂણા. ૫

### થોય

ક્ષય કીધા આઠે, કર્મો અતિ વિકરાલ, સિદ્ધશિલાએ પહોંચ્યા, મુક્તિપુરી રસાલ;
એકત્રીસ ગુણે, ગુણથી અતિ ગુણવાન, બીજે પદ વંદો, શ્રી સિદ્ધ ભગવાન. ૧

—મુનિરાજશ્રી નિત્યાનંદવિજયજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

न्यायविशारद–न्यायाचार्य–महोपाध्याय श्रीमद्यशोविजय गणिप्रवरप्रणीता–

# ऐन्द्र–स्तुति–चतुर्विंशतिका ( सानुवादा )

अनुवादक : मुनिराजश्री हेमचन्द्रविजयजी

## श्रीशम्भवजिनस्तुतिः ॥

शम्भव ! सुखं ददत् त्वं, भाविनि भावारवारवारण ! विश्वम् ।
वासवसमूहमहिता–ऽभाविन्ति भाऽवाऽरवाऽऽरवाऽरण ! विश्वम् ॥ १ ॥

स्कन्धकम् (आर्यागीतिः)

સમ્યકૃત્વનો ઉચ્છેદ કરનાર મિથ્યાત્વરૂપ ભાવચક્રના અવયવવિશેષના સમુદાયનું નિવારણ કરનાર, ઇન્દ્રોના સમૂહથી પૂજાયેલ, મૂંગાઓને બોલતાં બનવામાં કારણભૂત, જેમના પ્રભાવથી સંગ્રામ-વૈરભાવનો અભાવ થાય છે, જેમને કર્મના અભાવથી કપટનો સર્વથા અભાવ છે એવા હે સંભવનાથ પ્રભુ! આપ ભવ્યજીવોને સુખ આપતાં છતાં સકળ જગતની રક્ષા કરો. ૧

यद्धर्मः शं भविनां, सन्ततमुदितोदितोऽदितोदारकरः ।
स जयतु सार्वगणः शुचि–सन्ततमुदितोऽदितोदितोऽदारकरः ॥ २ ॥

જેઓના ફરમાવેલ ધર્મે નિરન્તર ઉત્પત્તિકાળથી માંડીને સ્થિતિ પર્યન્ત ભવ્યજીવોને શાશ્વત સુખ આપ્યું. વળી જેઓ નિરન્તર નિર્મલ પરસુખતુષ્ટિરૂપ પ્રમોદ ભાવનાવાળા છે. જેઓનું વચન અખંડિત-અબાધિત છે, જેઓ સ્ત્રી અને દંડથી રહિત છે, વાર્ષિક દાનમાં સઘળા યાચકોની ઇચ્છાને પૂર્ણ કરવાથી જેઓનો હાથ ઉદાર છે તે તીર્થંકરદેવોનો સમુદાય વિજય પામો. ૨

जैनी गीः सा जयता–न्न यया शमितामिता मिताक्षररुच्या ।
किं सन्तः समवतर–न्नयया शमिताऽमिताऽऽमिताऽक्षररुच्या ॥ ३ ॥

સત્પુરુષોએ જે વાણીવડે રોગના સર્વથા અભાવવાળા મુક્તિરૂપી સ્થાનની અભિલાષાથી નક્કી ઉપશમપણાને પ્રાપ્ત કર્યું છે, તે જેમાં નૈગમ-સંગ્રહ-વ્યવહાર-ઋજુસૂત્ર-શબ્દ-સમભિરૂઢ અને એવંભૂત એ સાતે નયો સમ્યક્પ્રકારે ઉતરે છે, અક્ષર થોડા અને અર્થ ઘણો હોવાથી જે મનોહર છે, તે શ્રી જિનેશ્વરદેવની વાણી જયવંતી વર્તો. ૩

दलयतु काञ्चनकान्ति–र्जनतामहिता हिता हि ताराऽगमदा ।
इह वज्रशृङ्खला दु–र्जनतामऽहिताऽऽहिताऽहिताऽरागमदा ॥ ४ ॥

આ જગતમાં જેની સુવર્ણના જેવી કાન્તિ-પ્રભા છે, જે મનુષ્યોના સમુદાયથી પૂજાયેલ છે, જે હિતકારક છે, જે વરદાનવડે ઉજ્જ્વલ આગમને આપનારી છે, જેને શત્રુઓ ઉપર અપ્રિય દ્વેષ અને અહંકારના ભાવને સ્થાપિત કર્યો છે, તે શ્રી વજ્રશૃંખલાદેવી નિશ્ચયથી દુર્જનતાને નષ્ટ કરો. ૪

( ચાલુ )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દ્વંદ્વાતીત ઈશ્વરસ્વરૂપ

લેખક : શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર'

ભૂમિતિ ગણિતમાં કોઈ પણ કૃતિ બરાબર સિદ્ધ કરવી હોય તો તેને પ્રમાણ આપવા પડે છે, માટે જ તેની વ્યાખ્યાઓ તેની વ્યાપ્તિ વિગેરે પહેલાથી બતાવેલી હોય છે. એ નિયમોને અનુસરીને બધા પ્રત્યયો સિદ્ધ કરવાના હોય છે. એ નિયમબદ્ધતાથી લગાર પણ આમતેમ ખસી શકાતું નથી. જ્યારે કોઈ સિદ્ધાંત સીધી રીતે સિદ્ધ કરવો મુશ્કેલ હોય છે ત્યારે વિરોધી બધી કલ્પનાઓ આગળ કરી તેને તોડીપાડી મૂળ સિદ્ધાતને પુષ્ટિ આપવી પડે છે. અને એવી રીતે સિદ્ધાંત સિદ્ધ થાય છે. એવી રીતે પ્રમાણશુદ્ધ ભૂમિતિની રચના હોવા છતાં સિદ્ધાંતકારોને મોટી સમસ્યા નડતર જેવી જણાઈ. અને તેને માટે જ કેટલાએક મૂળભૂત કૃત્યો ગૃહીતજ લેવા પડ્યા. જેની પાછળ સિદ્ધ કરવાના કોઈ પ્રમાણ જ ન હોય, ત્યાં એમ જ કરવું પડે. જેનું કાંઈ પણ મહત્વ જ ન હોય અર્થાત્ જેણે કાંઈ જગ્યા જ રોકી ન હોય એવો બિંદુ કલ્પવો તદ્દન અશક્ય છે. ગમે તેટલો નાનો બિંદુ લઈએ તો પણ તે જગ્યા તો રોકવાનો જ ત્યારે એવા બિંદુને કલ્પનાનો જ આશરો લેવો પડે. એ જ રીતે એવા અનેક બિંદુઓની રેખા હોય પણ તેને ફક્ત લંબાઈ હોય, પહોળાઈ ન હોય. એવી રેખા શી રીતે દોરી શકાય? ગમે તેટલી ઝીણી રેખા હોય તો પણ તેને પહોળાઈ તો હોય જ. એટલા માટે ફક્ત લંબાઈવાળી રેખા દોરી શકાય છે એ પ્રમાણ વિનાની વસ્તુ પણ ગૃહિત ગણી લેવી પડી. તેવી જ રીતે ગમે ત્યાં મધ્યબિંદુ કલ્પી ગમે તેટલી મોટી ત્રિજ્યા કલ્પી વર્તુલ બનાવી શકાય છે એ વસ્તુ પ્રત્યક્ષ અશક્ય હોવા છતાં કલ્પી લેવી જોઈએ. એમ જો ન કરીએ તો આગળના બધા જ સિદ્ધાંતો પડી ભાગવાના. અર્થાત્ જે વસ્તુ પ્રત્યક્ષમાં સિદ્ધ થઈ શકે તેવી ન હોય ત્યારે તેને કલ્પનાના ક્ષેત્રમાં મૂકવી જ પડે છે. એટલા માટે જ ભૂમિતિશાસ્ત્રે ત્રણ વસ્તુઓ ગૃહિત ગણીને જ પોતાના સિદ્ધાંત આગળ ચલાવ્યા છે. જે વસ્તુ બાહ્ય ઈંદ્રિયોને ગોચર ન હોય તે વસ્તુ ઉપર વિશ્વાસ મૂક્યા વિના બીજો કોઈ માર્ગ જ રહેતો નથી, એ સ્પષ્ટ જોવામાં આવે છે. ઈંદ્રિયગોચર હોય તેટલી જ વસ્તુ અમે માનીશું અને ઈંદ્રિયાતીત વસ્તુઓ અમે માનવાના નથી એમ કહી પ્રત્યક્ષ નાસ્તિકવાદીઓનું પણ કામ ચાલશે નહીં. એ વસ્તુ ઉપરના વિવેચન ઉપરથી સ્પષ્ટ જોઈ શકાશે.

કોઈ મનુષ્ય આંધળો હોય છે તેને અજવાળું અને અંધારું એનો ભેદ સમજાતો નથી, છતા અન્ય સાધનો દ્વારા એ ભેદ એ પારખી લે છે. પણ લાલ, પીળો, કાળો, ધોળો એવા રંગોનો ભેદ એના અનુભવમાં આવતો નથી. એને અન્ય મનુષ્ય ઉપર ભરોસો મૂક્યા વગર ચાલે તેમ નથી. બહેરો માણુસ ઉચ્ચ, નીચ, મધુર કે કઠોર શબ્દોચ્ચારનો ભેદ પારખી શકતો નથી. તેમજ જીભ વિનાનો માણસ મધુર, આમ્લ, તિક્ત, ક્ષાર વિગેરે સ્વાદના ભેદો પારખી શકતો નથી. એવી જ રીતે જેનું ઘ્રાણેંદ્રિય કામ કરતું અટકી જાય છે, ત્યારે તેને સુરભિગંધ કે દુરભિગંધનું સ્વરૂપ જાણી શકાતું નથી. જ્યારે રોગના કારણે શરીરનો ભાગ બધિર થઈ જાય છે, કે ઓપરેશન કરવાના વખતે ઔષધી દ્વારા બધી ઈંદ્રિયોને જ બધિર કરી નાખવામાં આવે છે ત્યારે કઠોર કે સુંવાળો સ્પર્શ પણ જાણવામાં આવતો નથી. ઈંદ્રિયો છતાં તેનો ઉપયોગ કરી શકાતો નથી, એ સ્પષ્ટ વસ્તુ છે. આમ છતાં શરીરના બીજા બધા કાર્યો ચાલતા હોય છે. એમાં ખંડ પડતો નથી. એ ઉપરથી ઇંદ્રિયાતીત કોઈ વસ્તુ છે, હોવી જોઈએ એમ માન્યા વિના ચાલે તેમ નથી. એ શક્તિ અદૃશ્ય છતાં છે, એમ માનવું પડે છે. એને જ કોઈ ઈશ્વરનું નામાભિધાન આપવા લલચાય એમાં આશ્ચર્ય નથી. ઈશ્વરનું સ્વરૂપ અગમ્ય અને અગોચર હોવાને લીધે અનેક રીતે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇશ્વરની કલ્પના અનેક ધર્મોમાં કલ્પવામાં આવી છે. જુદા જુદા દૃષ્ટિબિંદુઓ અને જુદી જુદી કલ્પના વિશિષ્ટતાને લીધે ઇશ્વરના સ્વરૂપની માન્યતામાં ફેર પડવો તદ્દન યોગ્ય જ માનવો પડે. જ્યારે જગતની વિવિધતા અને સતત પરિવર્તનશીલતા અનુભવવામાં આવે છે અને એના કારણો અગોચર હોવાના કારણે સામાન્ય બુદ્ધિની કક્ષામાં આવી શકતા નથી ત્યારે ઇશ્વર જ બધી સૃષ્ટિનો ઉત્પન્નકર્તા છે એમ માનવા તરફ માણસ દોરાય એમાં આશ્ચર્ય જેવું નથી. ઇશ્વરને સૃષ્ટિનો કર્તા માનવામાં કેટલી અકાટ્ય આપત્તિઓ ઊભી થાય છે તે વસ્તુ તદ્દન જુદી છે. અમારો હેતુ ઇંદ્રિયતાતીત અને અગમ્ય વસ્તુને સિદ્ધ કરવાનો છે, અમુક માન્યતા સાચી છે એમ સિદ્ધ કરવાની નથી.

વિષ્ણુ ભગવાનની નાભીમાંથી (Centre) નિકળેલા કમળ ઉપર ચતુર્મુખ બ્રહ્મા બેસાડવામાં આવેલ છે. તે વૃદ્ધ અને સનાતન કહેવામાં આવે છે. અને એ જ સૃષ્ટિના કર્તા મનાય છે. તેમાં વિષ્ણુ સૃષ્ટિનું રક્ષણ કરે છે અને પરિવર્તનશીલતા બતાવવા માટે ગળામાં રૂંડમાળા ધારણ કરેલ, ભસ્મ ચર્ચિત કરેલ, દિગંબર રૌદ્રરૂપ ધારણ કરનાર શંકર એ નાશ કરનાર તરીકે માનવામાં આવે છે. ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરનારી દેવતાઓ ત્રણ હોવા છતાં એક જ દેવની કાર્યભિન્નતા બતાવનારા સ્વરૂપો (Aspects) બતાવવામાં આવેલ છે. અને એટલા માટે જ ત્રણ મુખવાળા દત્તાત્રેય દેવની કલ્પના કરવામાં આવેલી છે. એ દેવની કલ્પના એ આલંકારિક રૂપક છે, એમાં શંકા નથી. ભગવાન મહાવીરે કહેલ उपन्ने वा विगमे वा धुए वा એ ત્રિપદીની સંકલના જુદી નહીં પણ ત્રિમૂર્તિ દેવતાની જ એ કલ્પના સ્પષ્ટ દેખાય છે. ઉત્પન્ન થવું એટલે અણુઓ એકત્ર મળવા. એ કાર્ય બ્રહ્માનું મનાય. એ સ્કંધ અમુક કાળ સુધી ટકે એ કાર્ય વિષ્ણુનું મનાય અને ફરી બધું વિખેરાઇ અન્ય રૂપે પરિણમે એમાં શંકરશક્તિ કાર્ય કરતી હોય એ કલ્પના રૂપક તરીકે ઉત્પન્ન કરી ખૂબ ખીલવવામાં આવેલી સ્પષ્ટ જણાય છે. દરેક દેવતાના સ્વરૂપો, કૃત્યો, સ્થાનો વિગેરે બધી જ બાબતમાં કાવ્યમયતા જોવામાં આવે છે. એમાં અદૃશ્ય શક્તિને ગ્રહણ કરી અનાદ્યનંતતત્વ જ સિદ્ધ કરવામાં આવેલ જણાય છે. અર્થાત્ ઇશ્વરનું સ્વરૂપ અનાકલનીય સિદ્ધ થાય છે. અને તેથી જ દરેક ઠેકાણે ઇશ્વરનું અસ્તિત્વ ગૃહિત લેવામાં આવેલ છે, એમાં શંકા નથી. ગમે તેટલી ભિન્નતા હોવા છતાં છેવટ કલ્પના એક જ રૂપમાં પરિણમે છે, એ વસ્તુ સિદ્ધ થાય છે.

સાકર મિષ્ટ લાગે છે એ કોઇને સોગન ખાઇને કહેવાની જરૂર નથી. તેમ લવણ ખારૂં હોય છે એ માટે કોઇ પુરાવો માગતું નથી. તેવી જ રીતે કરીયાતું કડવું હોય છે માટે કોઈ વિરોધ કરી શકતું નથી એ બધું સ્વયંસિદ્ધ છતાં જો કોઇએ કરીયાતું ચાખ્યું જ ન હોય તો તેની આગળ તે કેવું કડવું હોય છે તેનું વર્ણન શી રીતે થઈ શકે? આપણે શબ્દોની ખૂબ જાલ ગૂંથી તેને સમજાવવા પ્રયત્ન કરીએ તો પણ એ વસ્તુ સમજાવવી શબ્દાતીત હોવાને લીધે આપણે છેવટ કહેવું પડશે કે ભાઇ કરીયાતાની કડવાશ કેવી હોય છે એ સાચે સાચું સમજવું હોય તો જરા ચપટી મુખમાં નાખી જો, એટલે એની સાચી કડવાશનો અનુભવ તું પોતે જ કહી શકીશ. પછી તે સમજાવવા માટે બીજાની મદદની તને જરૂર પડશે નહીં. એ વસ્તુ અનુભવગમ્ય હોવાને લીધે એને સમજવા માટે શબ્દો અધૂરા જ રહેવાના. અગમ્ય અને ઇંદ્રિયાતીત તેમજ શબ્દાતીત વસ્તુ હોય તેને ગૃહિત કૃત્ય તરીકે સ્વીકાર્યાવિના બીજો કોઇ માર્ગ જ હોતો નથી. ઇશ્વરતત્વ પણ એવું જ છે. એનું વર્ણન કરી સમજાવવાનો પ્રયત્ન તો અનેકોએ કર્યો છે. પણ એમાંના કોઇને એમાં સફળતા મળી નથી. છેવટ પોતાના વર્ણનમાં અપૂર્ણતા જ બધાઓએ અનુભવી છે. ગમે તે ધર્મમાં ઇશ્વરની વ્યાખ્યા કરી તેનું વર્ણન કરવામાં આવેલું હોય છે તેમાં કાંઇ ને કાંઇ ઉણપ તો રહી જ ગએલી હોય છે. મુકતાવસ્થા કે મોક્ષ અગર મુક્તિનું સ્વરૂપ વર્ણન ક્યારે પણ અપૂર્ણ જ રહ્યું છે. આપણી પાસે જ્ઞાન મેળવવાના સાધનો છે તે બધા જ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિવેકદૃષ્ટિ કેળવવાની અગત્ય

લેખક : શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

'આર્યરક્ષિતસૂરિ' પુસ્તિકાનું આ નામ વાંચતાં જ પ્રથમ નજરે પૂજ્ય **શ્રી વજ્રસ્વામી** પાસે સાડાનવ પૂર્વનો અભ્યાસ કરનાર, અને ભગવંત **શ્રી મહાવીરદેવની** વાણીને ચાર અનુયોગમાં વહેંચનાર પૂજ્ય **શ્રી આર્યરક્ષિતસૂરિ** સહજ યાદ આવે, પણ પાના ફેરવતાં જ આ ભ્રમ ટળી જાય છે અને જણાય છે કે આ જીવનચરિત્ર તો વિધિપક્ષગચ્છ ઉર્ફે અંચળગચ્છમાં થયેલ શ્રી જયસંઘસૂરિના પ્રભાવક શિષ્ય આર્યરક્ષિતસૂરિનું છે. આ નાનકડી પુસ્તિકાના લેખકનું નામ '**પાર્શ્વ**' છે. અને તેમણે જે આલેખન કરેલ છે એ જોતાં આ આચાર્યશ્રી કલિકાલસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રસૂરિજીના સમકાલીન હોઇ, તેઓશ્રીએ પાટણમાં પધારી સિદ્ધરાજ તેમજ કુમારપાળને પોતાનામાં રહેલી શક્તિનો પરચો બતાવી મંત્રમુગ્ધ કરેલ છે. આવા પ્રખ્યાત સૂરિનું નામ કુમારપાળ સંબંધમાં લખાયેલ સંખ્યાબંધ પુસ્તકોમાં મારા વાંચવામાં આવ્યું નથી! એ જેમ આશ્ચર્ય ઉપજાવે છે તેમ આ પુસ્તિકામાં નોંધેલ એક બે પ્રસંગો ઇતિહાસની દૃષ્ટિએ ચકાસવાની જરૂર પણ લેખાય. અહીં એ સંબંધમાં આટલું જણાવી જે મુદ્દાની વાત કહેવાની છે તે એ જ કે જ્યારે નામોમાં સરખાઇ હોય ત્યારે પ્રાચીન કાળના મહાન્ આચાર્યોના નામ સાથે ભ્રમ ઉપજાવે તેવા ટૂંકા નામે પુસ્તક પ્રગટ ન કરતાં એની સાથે જરૂરી ઉલ્લેખ કરવો કે જેથી વાચક ગોટાળામાં ન પડે.

---

અપૂર્ણ છે એ આપણો પ્રત્યક્ષ અનુભવ છે. એટલા માટે જ જૈનશાસ્ત્રોએ સૃષ્ટિનો કર્તા, રક્ષક કે નાશક એવા કોઇ સ્વતંત્ર દેવતા અગર ઇશ્વર નહીં માનતા આ વિશ્વ જ એક અનાદિ અને અનંત એવું તત્વ માનેલું છે. મુક્તિનું વર્ણન પણ શબ્દાતીત માની અપૂર્ણ જ મૂકી જ્ઞાનીગમ્ય માનવામાં આવેલું છે.

જગતમાં બીજા પણ અણઉકેલાએલા તત્વો જોવામાં આવેલા છે. દિવસ અને રાત્રિ, અજવાળું અને અંધારૂં, બીજ અને વૃક્ષ, જીવ અને કર્મ, જન્મ અને મૃત્યુ એવા જે અનેક દ્વંદ્વો છે તેનો ઉકેલ પણ કોઇ રીતે મળી શકતો નથી. પહેલો દિવસ થયો કે રાત્રિ એનો ખુલાસો શી રીતે થઇ શકે? પહેલું બીજ થયું કે વૃક્ષ થયું? બીજ ન હોય તો વૃક્ષ ક્યાંથી આવે? અને વૃક્ષ ન હોય તો બીજ ક્યાંથી મળ્યું? જીવ જ ન હોય તો કર્મ ક્યાંથી ઉત્પન્ન થાય? અને કર્મ પહેલું હોય તો એ કોણે કર્યું"? અર્થાત્ એ બધા દ્વંદ્વો અન્યોન્યાશ્રયી હોવાને લીધે તેમાં પહેલું કોણ અને પાછળથી કોણ? એનો જવાબ આપવો મુશ્કેલ નહીં પણ અશક્ય જ છે. એટલા માટે જ અમો કહીએ છીએ કે ઇશ્વર કહો કે બ્રહ્મ કહો, નિસર્ગ કહો, દિવ્યશક્તિ એ છે એમાં શંકા નથી. પણ એ જાણવું, એને ઓળખવું અને એની પ્રતીતિ થવી એ વસ્તુ આપણી પાસે ઇંદ્રિયો વિગેરેના સાધનો છે તેને માટે અશક્ય છે. એ વસ્તુ દ્વંદ્વાતીત, વચનાતીત અને ઇંદ્રિયાતીત છે. એ જાણવા માટે આપણી ઇંદ્રિયો અપૂર્ણ છે, માટે જ આપણે એથી પર થઇને ઇંદ્રિયોના આવેગ પાસેથી પર થવાની જરૂર છે. એટલું જ નહીં પણ મનને પણ અંતર્મુખ કરવાની જરૂર છે. અને છેવટ મનોલયની સાધના કરી આપણને પોતાને દ્વંદ્વાતીત થવાની જરૂર છે. અને એ બધું થતા આપણે ઇશ્વરતત્વ અથવા મુક્તાવસ્થાનો અનુભવ થવાની શક્યતા છે. એ વસ્તું બનતી નથી ત્યાં સુધી આપણું જ્ઞાન અપૂર્ણ જ રહેવાનું અને એવા અપૂર્ણ જ્ઞાનથી આપણે ગમે તેવી વાતો અને બડાઇઓ હાંકયે જઇએ એ અપૂર્ણ જ રહેવાનું. દ્વંદ્વાતીત ઇશ્વરસ્વરૂપ સહુને પ્રતીત થાય એ જ શુભેચ્છા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્વકાળે થયેલ કાલિકાચાર્યો એક કરતાં વધુ હોવાથી એ અંગે જે મત મતાંતર પ્રવર્તે છે તે જાણીતું છે એથી ઇતિહાસના અંકોડા સાંધતાં ઘણી મહેનત લેવી પડે છે અને તેમ છતાં બનાવોની સંકળાંના બરાબર કરી શકાતી નથી! આ પરિસ્થિતિ ધ્યાનમાં રાખી કેટલાક દીર્ઘદર્શી સંતોએ આલેખન કરતાં એક નામના આચાર્યને અમુક વિશેષણ આપી જુદા પાડેલ છે. જેમકે મલધારી હેમચંદ્રસૂરિ. આ મહાત્મા કલિકાલસર્વજ્ઞથી જૂદા છે. સિદ્ધસેન નામના બે આચાર્યો થયા હોવાથી એકને શ્રી સિદ્ધસેન દિવાકરજી તરીકે સંબોધ્યા છે. વળી વિશેષણો આપતાં ગુણોને નજરમાં રાખેલ છે એટલે કે આ જાતના વિશેષણોમાં નામ પ્રમાણે ગુણો પણ હતા એ વાતની ખાત્રી તેઓના જીવન જોતાં સહજ જણાય છે. ઉપરની વાત વિચારતાં આજના ઐતિહાસિક યુગમાં નિમ્ન બે પ્રકારની વિવેકદૃષ્ટિ જરૂરી લેખાય. એક તો એક કરતાં વધુ નામોવાળા મહાત્માઓ સંબંધી ઉલ્લેખ કરવાનો હોય તો ક્રમ અનુસાર પ્રથમ, દ્વિતીય અગર તૃતીય જેવા અંક જોડી લખાણ કરવું ઘટે જેમકે જ્યોર્જ પંચમ કિંવા એડવર્ડ ધી સિકસ્થ અગર ભીમદેવ પહેલો વા ભોળો ભીમ ઉર્ફે ભીમદેવ બીજો. બીજી રીત વિશેષણ મૂકવાની છે, એથી જુદાપણું તરત જ પરખાઇ આવે. પણ એ વિશેષણો આજની માફક ન હોવા જોઇએ. આજે તો ઉપધાન–અષ્ટાહ્નિક મહોત્સવ કે ઉપધાન આદિ નિમિત્તે જે આમંત્રણ પત્રિકાઓ લાંબા ચોડા આર્ટ પેપરો ઉપર પ્રગટ થાય છે અને એમાં વિશેષણોની જે હારમાળા હનુમાનના પૂંછડાની માફક લંબાયેલી હોય છે એ વાંચીને વિદ્વાનોને હસવું આવે છે અને સમજુવર્ગને શરમ ઉપજે છે! જ્યારે સમાજનો મોટો ભાગ એ વાંચવાની તસ્દી જ લેતો નથી!!

સંખ્યાબંધ 'સકળ આગમરહસ્યવેદીઓ' હોવા છતાં ભગવાન મહાવીરદેવના જીવનને યોગ્ય રીતે વર્ણવતું એક પણ પુસ્તક ન હોય! વિજ્ઞાનને ધ્યાનમાં રાખી જૈન દર્શનનો પૂર્ણ ખ્યાલ આપતો કોઇ ગ્રંથ ન હોય! અરે! એ વાત બાજુ પર રાખીએ તો, તિથિ જેવા ક્ષુલ્લક પ્રશ્નનો ઉકેલ વર્ષોના વહાણા વીત્યા છતાં ન આવતો હોય! શું આ શોભારૂપ છે? અનેકાંતદૃષ્ટિને છાજે તેમ છે? જ્યારે આવી પરિસ્થિતિ પ્રવર્તતી હોય ત્યારે કંકોત્રીના વિશેષણો અભ્યાસીને જરૂર હાસ્ય ઉપજાવે એમાં કાંઇ જ નવાઇ નથી.

આશ્ચર્યની વાત તો એ છે કે ખુદ આમંત્રણ પત્રિકા પ્રગટ કરનાર પોતે પણ એમાંના ઘણાના અર્થો સમજતા નથી હોતા! કેટલાકે તો સ્પષ્ટ જણાવી દીધું છે કે એ લખી આપનાર આચાર્ય મહારાજના શિષ્ય કે પ્રશિષ્ય હોય છે. વિશેષણ આલેખવામાં હવે તો જાણે હરિફાઇ થઇ રહી છે! મેગ, માત્રા અને પિંગળના અભ્યાસવિહુણા કેટલાયે કવિઓ, કીરીટ અને તિલક જેવા અલંકારો ધારણ કરવામાં શોભા માને છે!

વર્તમાન પરિસ્થતિનો આ રીતે ચિતાર રજૂ કરવા પાછળ ટીકાનો મુદ્દો જરા પણ નથી. કેવળ સાચી સ્થિતિનો આપણને ભાસ થાય એ જ હેતુ છે. આ પ્રકારના પ્રકાશનો કરી આપણે ભલે ભક્તિ દાખવવાનો હર્ષ લઇએ કિંવા એથી પ્રભાવના થાય છે એમ માનીએ પણ બારીકાઇથી વિચારીશું તો એ પાછળ આત્મવંચના અને વધુ પડતી માનલાલસા રમતી જણાશે. એથી જૈનો અર્થવગરના વિશેષણો વાપરવામાં પાવરધા હોય છે, એવી ખોટી છાપ જૈનેતર વર્ગમાં બેસે છે! અને ભૂતકાળના વિદ્વાન ને પ્રભાવશાળી આચાર્યો પણ આવી જ રીતે વર્તતા હશે એવા શંકા–કુશંકાના વમળ જૈનેતરોમાં ઉઠવાનો સંભવ છે. વર્તમાનમાં જે બ્રાહ્મણ પંડિતો આપણા સાધુઓને અભ્યાસ કરાવે છે તેઓમાંના એક બેના મુખેથી સાંભળ્યું છે કે ગ્રંથોનું શોધન અમારા હાથે કરાવાય છે અને પ્રગટકર્તા તરીકે અમુક આચાર્યો પોતાના નામ છપાવે છે.

આ જાતની વૃત્તિ ઉપરથી વિશેષણો સંબંધમાં પણ આમ જ બનતું હશે એવો સૂર નીકળે છે. તેથી અંતમાં એટલી જ વિનંતી કરવાની કે જે કંઇ કાર્યવાહી કરાય તે વિવેકપૂર્વક થાય તો એ શોભારૂપ છે. બાકી આ યુગમાં કોઇ કોઇનો હાથ પકડવા હરગીજ આવનાર નથી જ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આબૂ પર પાંચ દિવસ

શ્રી દીપચંદ જીવણલાલ શાહ

આબૂ અષ્ટાપદ ગિરનાર, સમેતશિખર શેત્રુંજો સાર;
પંચે તીર્થ ઉત્તમ સ્થાન, સિદ્ધિ વર્યા તેને કરું પ્રણામ.

ગુજરાતમાં આવેલ અરવલ્લીની પહાડમાળા પાસે આબૂ નામનો રમણીય પહાડ આવેલો છે. તે જૈનોના પાંચ મુખ્ય તીર્થો પૈકી એક તીર્થ તરીકે ગણાય છે.

થોડા વર્ષો પહેલાં હું આબૂ યાત્રા કરવા ગયેલ હતો. અમદાવાદથી દીલ્હી મેઇલમાં જતાં આબૂ સ્ટેશન લગભગ દોઢ વાગે આવ્યું હતું. આબૂ સ્ટેશનથી દેલવાડા લગભગ સાડાસત્તર માઈલ દૂર છે. ગિરિરાજ આબૂ પર ચઢવા માટે મોટરબસ તૈયાર ઊભી હતી. મોટર બસ લગભગ કલાક પછી ઉપડી. વળાંક લેતી લેતી મોટરબસ નવ માઈલ પર એક મોટું વડનું વૃક્ષ આવે છે ત્યાં અટકી, થોડા સમય પછી મોટરબસ આગળ ચાલી અને લગભગ પોણા કલાક પછી દેલવાડા પહોંચી. મોટર વળાંક લેતી હતી ત્યારે નીચે ઊંડી ખીણો જોઇ શકાતી હતી અને ઘડીભર એમ જણાતું હતું કે જો મોટર ડ્રાઈવર વળાંક લેતાં સહેજ પણ ભૂલ કરશે તો મોટરબસ નીચે ઊંડી ખીણમાં ગબડી પડ્યા વિના રહે નહિ. ડ્રાઈવરની કુશળતાથી બસ આસાનીથી રસ્તો કાપ્યે જતી હતી અને મુસાફરો ખીણોના સુંદર દ્રશ્યો જોતાં જોતાં મસ્તી અનુભવતા હતા. આ વખતે એક મારવાડી બહેનને ફેર ચડતાં પુષ્કળ ઉલટીઓ થવા લાગી. બસની મુસાફરી કરતી વખતે વિશેષ ખાવું નહિ તેમજ પાણી પીને બેસવું નહિ પણ તરસ લાગી તો તરફ છીપે તેટલું જ પાણી પીવું. વળી જેમને ફેર ચડતા હોય તેમણે મોટરની બેઠકમાં બેસવાને બદલે મોટરને ભોંયતળીયે બેસવું કે જેથી બહુ ફેર ચડે નહિ.

મેદાનના તાપ અને ઉકળાટથી કંટાળેલા મુસાફરોને નવ માઈલ પછી આબૂ પરની શીતળ અને આહ્લાદક પવનની લહરીઓનો અનુભવ થાય છે. જ્યારે દેલવાડા પાસે મોટર બસમાંથી હું બીજા યાત્રાળુઓ સાથે ઉતર્યો ત્યારે નીચેની સુંદર કડી મને એકાએક યાદ આવી ગઈ

ગિરિવર દર્શન વિરલા પાવે,
પૂર્વ સંચિત કર્મ ખપાવે.
ગિરિવર દર્શન વીરલા પાવે.

તીર્થસ્થાનોની સ્પર્શના જીવનનો અમૂલ્ય અવસર છે. ભાગ્યશાળી આત્માઓ આવા ગિરિરાજના દર્શન પામે છે, એમ શ્રીમદ્ વીરવિજયજી મહારાજે ઉપરની કડીમાં કહેલ સત્યનો સાક્ષાત્ અનુભવ થાય છે. મનુષ્યોને આવા તીર્થોની સ્પર્શના કરતા જે અવર્ણનીય આનંદ મળે છે તેવો આનંદ દુનિયાની ધમાલમાં બીજે કયાંય મળતો નથી. એક અંગ્રેજ કવિએ પણ કહ્યું છે કે:-

What is this life if it is full of cares;
We have no time to stand and stare.

આબૂ જેવા પર્વતો પર કેડીઓ હોય છે અને કેડીઓને છેડે ઊભા રહીને દૂર દૂર નજર ફેંકીએ છીએ ત્યારે અનુપમ અને રમ્ય કુદરતના દ્રશ્યો જોવા મળે છે. નીચે ઊંડી ખીણ હોય છે. વળી આસપાસ લીલુંછમ ઘાસ છવાયેલું હોય છે તેમાં નદીઓ સર્પાકારે વહેતી હોય છે. વળી ઘાસના મેદાનોમાં અમુક અમુક જગ્યાએ લીલા વૃક્ષોના ઝુંડો પણ જોવા મળે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આબૂ પર્વતનું વર્ણન કરતાં કવિશ્રી દલપતરામે કહેલ છે કે:-

"જ્યાં જેઠ માસે દીસે ન પ્રસેવો
દીઠો આજ આબૂ ગિરિરાજ એવો"

દિવસ દરમ્યાન યાત્રાળુઓ ઉન્હાળામાં પણ શીતળ લહેરીઓનો અનુભવ કરે છે તેમજ રાત્રે પણ જે ઉકળાટ મેદાનો પર મનુષ્યો અનુભવે છે તેવો ઉકળાટ આબૂ પર અનુભવાતો નથી.

આબૂ પર્વતના ઢોળાવો, જુદી જુદી જાતના વૃક્ષો અને જંગલી ફૂલોથી ભરપૂર છે. વિશાળ શિલાઓ, જંગલી ફૂલોના આકર્ષક દશ્યો તેમજ વહેતાં નાજુક ઝરણાંઓ આબૂની સુંદરતાને અપૂર્વ શોભા આપી રહ્યા છે.

દેલવાડાની ધર્મશાળાની નાની ઓરડીમાં મારો સામાન મૂકીને થોડો વખત આરામ લીધા પછી હું વિમલવસહી અને લૂણવસહી નામના પ્રખ્યાત જિનમંદિરોમાં દર્શન કરવા ગયો તે દિવસે ઉપર ઉપરથી આબૂના મંદિરોની સુંદર અને મનોહર કોતરણીનું અવલોકન કર્યું.

## વિમળવસહી

વિમળશાહે વિમળવસહી કેવા સંજોગમાં બંધાવી તેનું સંક્ષિપ્ત વર્ણન નીચે પ્રમાણે છે.

વિમળશાહ મંત્રીને એકે પુત્ર કે પુત્રી નહોતા તેથી તેમના પત્ની શ્રીમતીના આગ્રહથી તેમણે પુત્રપ્રાપ્તિ માટે અંબિકા દેવીની અઠ્ઠમ તપ કરીને આરાધના કરી. ત્રીજા દિવસની મધ્યરાત્રે અંબિકા દેવી પ્રત્યક્ષ થયા અને મંત્રીશ્રીને વરદાન માંગવા કહ્યું. તે સમયે વિમળશાહે બે વરદાન માંગ્યા, એક પુત્રરત્ન પ્રાપ્ત થાય અને બીજું વરદાન એ માંગ્યું કે હું આબૂ તીર્થ પર એક સુંદર કારીગરીવાળું મંદિર બંધાવું. દેવીએ કહ્યું કે તારું પુણ્ય ઓછું હોવાથી હું ફક્ત એક જ વરદાન આપી શકીશ. મંત્રીશ્રીએ કહ્યું કે હું મારી પત્નીને પૂછ્યા પછી આવતીકાલે જવાબ આપીશ.

સવારે મંત્રીએ પોતાની પત્ની શ્રીમતીને રાત્રિના બનાવની વાત કરી ત્યારે તેણીએ પણ વિચાર કરીને મંત્રીને કહ્યું કે–જો દેવી એક જ વરદાન આપે તો હું એક સુંદર કારીગરીવાળું મંદિર બંધાવું એવું વરદાન માંગો. બીજે દિવસે રાત્રે દેવી આવ્યા ત્યારે મંત્રીએ મંદિરનિર્માણ સંબંધી વરદાન માગી લીધું. દેવીએ મંત્રીશ્રીને કહ્યું કે આવતી કાલે પ્રાતઃકાળમાં જ્યાં કંકુનો સાથીયો દેખાય ત્યાં ખોદાવજે એટલે તારું કાર્ય સિદ્ધ થશે.

પ્રભાતે વિમળમંત્રી સ્નાન કરીને કંકુના સાથીયાવાળી જગ્યાએ ગયા. ત્યાં જમીન ખોદાવતાં તીર્થંકર ભગવાનની મૂર્તિ નીકળી તેથી તે જ જગ્યાએ મંદિર બંધાવવાનો નિશ્ચય કર્યો. તે જગ્યા બ્રાહ્મણોના કબજામાં હતી તેથી તેઓએ તે જગ્યા આપવાની ના પાડી કારણ કે કેટલાક ઈર્ષાળુ બ્રાહ્મણો તે જગ્યાએ જૈનમંદિર થાય તેની વિરુદ્ધ હતા.

વિમળમંત્રી તે જગ્યા જ પર જૈનમંદિર બંધાવવું તેવા મક્કમ મનના હતા. પોતે મંત્રીશ્વર હતા, સત્તાધારી હતા, દબાવીને પણ જમીન લઈ શકતા હતા, પણ આવા ધાર્મિક કાર્યમાં સામા મનુષ્યોના મન દુભવવાની વિરુદ્ધ હતા તેથી તેમણે બ્રાહ્મણોને બોલાવીને કહ્યું કે તમારી ઈચ્છા પ્રમાણે જમીનની કિંમત લઈને પણ મને જમીન આપો. બ્રાહ્મણોએ કહ્યું કે 'સોનામહોરો પાથરીને જેટલી જમીન જોઈએ તેટલી જમીન ખરીદ કરો' એવી અશક્ય માંગણી મૂકી પણ વિશાળ મનવાળા મંત્રીશ્રીએ તે માંગણી મંજૂર રાખી અને જમીન ખરીદી લીધી.

વિમળવસહી બહારથી સાદું પણ અંદરથી બહુ જ સુશોભિત કારીગરીથી ભરપૂર છે. મંદિરનું શિખર નીચું છે. મંદિરના મુખ્ય પ્રવેશદ્વાર આગળ છ થાંભલાવાળી એક લંબચોરસ હસ્તિશાળા છે, જેમાં વિમળમંત્રી પોતાના કુટુંબને હાથીઓ પર બેસાડીને મંદિર તરફ દર્શને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લઈ જાય છે. આ આરસના હાથીઓ કદમાં નાના પણ પ્રમાણસર છે. વળી અંબાડીનું કામ ઘણું સુંદર છે.

વિમળવસહીમાં વધારે કોતરણીકામ તેના રંગમંડપમાં જોવામાં આવે છે. મંડપ પ્રમાણસર ઊંચો છે. મંડપના ઘુમ્મટમાં એટલું બધું કોતરણીકામ છે કે તેની વિગતો જોતાં આંખો થાકી જાય છે. મંડપમાં વચ્ચે ઊભા રહીને ચારે તરફ જોતાં બધો ભાગ બારીક કોતરણી કામથી ભરેલો લાગે છે ઉપરની પૂતળીઓનો નાનો ઘુમ્મટ માત્ર છ ફૂટ પહોળાઈનો હશે પણ તેની અંદરની પૂતળીઓમાં જે તરવરાટભરી વિવિધતા છે તે પરથી તે પૂતળીઓ પત્થરની જડતા ત્યજી જાણે સજીવ ભાવની સ્વતંત્રતામાં મ્હાલતી હોય તેમ જણાય છે. દરેક પૂતળીનો અંગમરોડ બીજી પૂતળીઓ કરતાં તદ્દન જુદો પણ સુરેખ લાગે છે.

વિમળવસહીમાં પ્રથમ તીર્થંકર આદીશ્વર-ભગવાનની પ્રતિષ્ઠા શ્રી ધર્મઘોષસૂરીશ્વરજીએ વિ. સં. ૧૦૮૮માં કરાવી હતી. વળી ચંપાના ઝાડ નીચેથી જે મૂર્તિ નીકળી હતી તે મૂર્તિની નં. ૨૦ ની દેરીમાં પ્રતિષ્ઠા કરેલ છે.

વિમળવસહી બંધાવતાં અઢાર કરોડ ને ત્રેપન લાખ રૂ. ખર્ચ થયેલ છે.

### લુણવસહી

એક વખત મંત્રી શ્રી વસ્તુપાળ અને મંત્રી શ્રી તેજપાળ કુટુંબ સાથે ગિરનારની યાત્રા કરવા નીકળ્યા હતા ત્યારે એક રાત્રે હડાળા ગામના પાદરે તેમણે મુકામ કર્યો હતો. તેમણે વિચાર્યું કે ધનને લઈને જવું તે જોખમકારક છે તેથી તેઓએ તેમનું ધન એક પીપળાના ઝાડ નજીક દાટવા માટે ખોદવાનું કામ શરૂ કર્યું. તે વખતે ત્યાંની જમીનમાંથી સોનામહોરો ભરેલો એક ચરૂ નીકળ્યો. અકસ્માત રીતે પ્રાપ્ત થયેલ આ ધનનું શું કરવું તે વિષે લક્ષ્મીના અવતાર સરખા મંત્રી તેજપાળની પત્ની અનુપમા દેવીની સલાહ પૂછતાં તેમણે પોતાના સુવાંત પુત્ર લાવણ્યસિંહના શ્રેયાર્થે એક મંદિર બંધાવવાની સલાહ આપી. બન્ને ભાઈઓને તે સલાહ યોગ્ય લાગી તેથી ગિરિરાજ આબૂ પર વિમળવસહી જેવું જ લુણવસહી નામનું સુંદર મંદિર બંધાવવાનો સંકલ્પ કર્યો.

લુણવસહીના રંગમંડપ પરનો ઘુમ્મટ વિમળવસહીના ઘુમ્મટ જેવો છે પણ તેની અંદરનું કોતરકામ વિમળવસહીના ઘુમ્મટ કરતાં ચઢીયાતું છે. ઘુમ્મટના બીજા થરની સોળ બેઠકો પર વિદ્યાદેવીઓની જુદી જુદી રીતે નૃત્ય કરતી સોળ પૂતળીઓ મૂકેલી છે. આ ઘુમ્મટની બરાબર મધ્યમાં એક બહુ જ સુંદર અને અનુપમ લોલક છે.

લુણવસહીના મુખ્ય દરવાજાની બહાર નવ ચોકીઓમાં દરવાજાની બન્ને બાજુએ બે ગોખલા છે, જેમને લોકો દેરાણી જેઠાણીના ગોખલા કહે છે. તે બન્ને ગોખલા મંત્રી શ્રી તેજપાળે પોતાની બીજી પત્ની સુહડા દેવીના શ્રેયાર્થે કરાવેલા છે. બન્ને ગોખલાની કોતરણી સુંદર અને અવર્ણનીય છે.

લુણવસહીમાં બાળબ્રહ્મચારી બાવીશમા તીર્થંકર શ્રી નેમનાથ ભગવાનની પ્રતિષ્ઠા આ. શ્રી વિજયસેનસૂરીશ્વરજીએ સં. ૧૨૮૭ના ફાગણ વદ ત્રીજ ને રવિવારે કરાવી હતી.

લુણવસહી બંધાવતાં બાર કરોડ ને ત્રેપન લાખ રૂ. ખર્ચ થયેલ છે.

એમ કહેવાય છે કે એક વાર લુણવસહીનું કામ બહુ મંદ ચાલતું જોઈ શ્રીમતી અનુપમા દેવીએ મુખ્ય શિલ્પી શોભનને પૂછયું કે આવી રીતે કામ થતાં લુણવસહી બંધાતાં ઘણા વર્ષો પસાર થશે. ત્યારે શિલ્પી શોભને કહ્યું કે દેવી, આબૂ પહાડ પર અતિશય ટાઢ પડે છે તેથી સવારમાં કામ થઈ શકતું નથી, વળી બપોરે બધા શિલ્પીઓ રાંધવામાં રોકાઈ જાય છે અને સાંજે ઠંડી પડવાને લીધે કામ વહેલું બંધ કરવું પડે છે. વળી ખોરાકમાં દૂધ અને તાજા શાખ મળતા નથી તેથી જેટલું જોઈએ તેટલું કામ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થઈ શકતું નથી. એમ કહેવાય છે કે કામ જલ્દી થાય તે માટે શ્રીમતી અનોપમા દેવીએ બધા શિલ્પીઓ માટે એક રસોડું ખોલ્યું.

વિમલવસહી અને લુણવસહીમાં તે સમયના પહેરવેશ, રીતરિવાજો અને ધાર્મિક ક્રિયાવિધિ વગેરેની કોતરણી માલૂમ પડે છે.

વિમલવસહી અને લુણવસહીના મંદિરોનો એક થાંભલો, એક તોરણ, એક છત, એક ગોખલો, એક ઘુમ્મટ વગેરે જુદા જુઓ અથવા સાથે જુએ તો રમ્ય અને સુંદર લાગે છે.

વિમલવસહી અને લુણવસહીના સ્થંભો, મંડપો, તોરણો વગેરેમાં ફુલ, વેલ, ઝાડ વગેરેની કોતરણી માલૂમ પડે છે. વળી બન્ને મંદિરોમાં હાથી, ઘોડા, ઊંટ, વાઘ, સિંહ અને પક્ષીઓ વગેરેની કોતરણી માલૂમ પડે છે. વળી મનુષ્ય જીવનના જુદા જુદા પ્રસંગો જેવાં કે રાજદરબાર, સ્વારી, વરઘોડા, વિવાહ પ્રસંગની ચોરી, રણસંગ્રામ, ધાર્મિક ક્રિયાઓ, તીર્થંકરોના પંચકલ્યાણકો સુંદર રીતે કોતરેલા માલૂમ પડે છે.

ગુજરાતે ભૂતકાળમાં કલા અને શિલ્પનો આદર કરવામાં તથા ધર્મતત્વ સાથે તેમનો સુંદર સંયોગ કરવામાં કેવી ઉચ્ચ સંસ્કારિતા પ્રગટ કરી છે અને કેટલું ધન ખર્ચ્યું છે તે વિમલવસહી અને લુણવસહીના મંદિરો પ્રત્યક્ષ દેખાડે છે. આ મંદિરોની અંદરના શિલ્પસૌંદર્યે જગતની સુંદર કૃતિઓની સરખામણીમાં ગૌરવભર્યું સ્થાન પ્રાપ્ત કરેલ છે.

સ્થાપત્યના કલાવિશારદો વિમલવસહી અને લુણવસહીના મંદિરોને આગ્રામાં આવેલ પ્રખ્યાત તાજમહાલ સાથે સરખાવે છે પણ આટલું ધ્યાનમાં લેવાની જરૂર છે કે તાજમહાલ બંધાવવા પાછળ એક પ્રેમી શહેનશાહનો ખજાનો હતો જ્યારે વિમલવસહી અને લુણવસહી ધર્મ પર શ્રદ્ધા અને પ્રેમને લીધે ગુજરાતના પોરવાડ મંત્રીઓએ બંધાવ્યા છે.

લુણવસહીની આકૃતિ અને કારીગરી વિમલવસહી કરતાં ચડીયાતી છે. લુણવસહી વિમલવસહી કરતાં સાદી છતાં વધારે શોભાયમાન છે. પણ વિમલવસહી બંધાવ્યાનો ખર્ચ લુણવસહી બંધાવ્યાના ખર્ચ કરતાં ઘણો જ વધારે છે.

આ બન્ને સુંદર કારીગરીવાળા મંદિરો જોનારને એક પ્રશ્ન મનમાં ઉદ્દભવે છે કે આવા મંદિરોને ભવ્ય શિખરો કેમ નથી? એમ કહેવાય છે કે તે સમયે આબૂ પહાડ પર ધરતીકંપના આંચકા લાગતા હતા તેથી જો ભવ્ય શિખરો સહિત મંદિરો હોય તો તેમને ધરતીકંપને લીધે પડવાનો ભય ઉત્પન્ન થાય. વળી આબૂ પર વર્ષાઋતુમાં વંટોળીયાના અને વરસાદના તોફાનો થાય ત્યારે જો ભવ્ય શિખરો હોય તો તેમના પર વિજળી પડવાનો ભય ઉત્પન્ન થાય, તેથી વિમલશાહે અને વસ્તુપાળ તેજપાળે આ મંદિરો પર ભવ્ય શિખરો બંધાવેલ નથી.

બન્ને મંદિરોની કોતરણીની રચનામાં અન્ય ધર્મીઓના ઐતિહાસિક બનાવો જેવાં કે શ્રી કૃષ્ણનું કાલિય અરિદમન, નૃસિંહ અવતાર વગેરે માલૂમ પડે છે તેથી એમ જણાય છે કે વિમલશાહ મંત્રી અને વસ્તુપાળ તેજપાળ ઉદાર મનવાળા અને પરધર્મસહિષ્ણુતાવાળા હોવા જોઈએ.

એક કવિએ કહેલ છે કે:—

**"કીર્તિ કેરા કોટડાં, પાડ્યા નવ પડંત."**

સુંદર અને સુશોભિત કોરણીવાળું વિમળવસહી બંધાવનાર વિમળશાહ મંત્રી અને તેવું જ સુંદર લુણવસહી બંધાવનાર વસ્તુપાળ અને તેજપાળ જ્યાં સુધી આબૂ પહાડ વિદ્યમાન હશે ત્યાં સુધી તેમના નામો પૃથ્વી પર અમર રહેશે.

આવા સુંદર મંદિરો એવો મૂક બોધ આપે છે કે મનુષ્યોએ એવા સુંદર કાર્યો કરવા કે તેમના મૃત્યુ પછી તેમના નામો પૃથ્વીના પટ પર અમર રહે.

For Private And Personal Use Only

બીજે દિવસે સવારે હું અચલગઢ ગયો હતો. અચળગઢ આબૂથી પાંચ માઈલ દૂર છે. અહીં પર્વત પર બે માળવાળું શ્રી આદિનાથ ભગવાનનું મંદિર છે. આ બન્ને માળમાં ચૌમુખજીની ભવ્ય પ્રતિમાઓ છે. કુલ ચૌદ પ્રતિમાઓ છે. અને તે પંચ ધાતુઓની બનેલી છે. આ પ્રતિમાઓનું કુલ વજન ૧૪૪૪ મણ જેટલું છે. બીજા માળ પરથી આસપાસના પહાડોનું અદ્ભૂત દૃશ્ય નજરે પડે છે.

ચૌમુખજીનું વિશાળ અને રમ્ય મંદિર બંધાવનાર સંઘવી સહસાનામે ધનાઢ્ય શ્રાવક હતા. તેમણે આ મંદિર બંધાવવામાં પુષ્કળ દ્રવ્ય ખરચ્યું હશે એમ જોનારને લાગ્યા વગર રહેતું નથી. અચળગઢની તળેટીમાં રસ્તાથી જરા દૂર એક નાની ટેકરી પર શ્રી શાંતિનાથ ભગવાનનું મંદિર આવેલું છે.

અચળગઢની તળેટીમાં મંદાકિની કુંડ પાસે આબૂના પરમાર રાજા ધારાવર્ષની હાથમાં ધનુષ્યવાળી સુંદર મૂર્તિ છે. મૂર્તિની આગળ કાળા પથ્થરના ત્રણ પાડા એક જ લાઈનમાં પાસે પાસે ઉભેલા છે. તેમના શરીરના મધ્યભાગમાં થઈને આરપાર એક કાણું છે. લોકવાયકા એવી છે કે ધારાવર્ષ રાજા બહુ જ પરાક્રમી બાણાવળી હતા અને તેમણે ત્રણે પાડાઓને એક જ બાણથી વીંધી નાંખ્યા હતા.

ત્રીજે દિવસે આબૂ પરના જોવા લાયક સ્થળો જોવા હું ગયો હતો. દેલવાડાથી થોડે દૂર એક નાનું મંદિર છે જેને "કુંવારી કન્યા" અને "રસિયો વાલમ"નું મંદિર કહે છે. લોકવાયકા એમ છે કે રસિયો વાલમ એક ચમત્કારિક પુરુષ હતો અને તે એક રૂપવતી કન્યા પર આસક્ત થયો હતો તેથી તેણે તે કન્યાની તેની માતા પાસે માગણી કરી હતી. મા રસિયા વાલમ સાથે પોતાની પુત્રીને પરણાવવા નારાજ હતી પણ આવા ચમત્કારિક પુરુષને સ્પષ્ટ રીતે ના કહી શકી નહિ તેથી તેણીએ તેની પાસે એક અશક્ય માગણી મૂકી. તેણીએ કહ્યું કે તારે એક જ રાત્રિમાં એટલે સવારમાં કુકડો બોલે તે પહેલાં આબૂ પર્વત ચઢવા માટે એક સારો રસ્તો બનાવવો. રસિયા વાલમે આ માગણી સ્વીકારી અને રસ્તો બનાવવાનું કામ શરૂ કર્યું. મળસ્કે કન્યાની માતાને જણાયું કે કુકડો બોલશે તે પહેલાં રસ્તો બની જશે અને નછૂટકે પોતાની પુત્રીને રસિયા વાલમને પરણાવવી પડશે તેથી તેણીએ તે વખતે માયાકપટ કરી કુકડાનો અવાજ કર્યો. રસ્તો સહેજ અધૂરો હતો તેથી રસિયાવાલમને જણાયું કે હવે હું મારી પ્રિયતમાને પરણી શકીશ નહિ. તે ખૂબ જ દિલગીર થયો પણ જ્યારે તેણે જાણ્યું કે કન્યાની માતાએ જ કુકડાનો અવાજ કર્યો છે ત્યારે તેણે માતાને, તેની પુત્રીને શ્રાપ આપી પત્થર બનાવી દીધા અને પોતે પ્રેમમાં નિરાશ થવાથી ઝેરનો પ્યાલો પી મૃત્યુ પામ્યો. આ રીતે ત્રણ જણા માયા અને કૂડકપટને લીધે મૃત્યુ પામ્યા. વાચક ઉદયરત્નજી મહારાજે માયા વિષેની સજ્ઝાયમાં માયાવી માનવીને ઘણી સારી રીતે ચીતરેલ છે.

**મુખ મીઠો જૂઠો મનેજી,**
**કૂડ કપટનો રે કોટ;**
**જીભે તો જીજી કરેજી,**
**ચિત્તમાં તાકે ચોટ રે;**
**પ્રાણી મ કરીશ માયા લગાર.**

**નખી તળાવ:—**

આબૂ પર નખીતળાવ નામનું સુંદર સરોવર છે. આ સરોવર ત્રણ બાજુએથી ઊંચા હરિયાળા પહાડોથી ઘેરાયેલું છે. ચોથી દિશામાં એક બંધ બાંધીને પાણીનો સંગ્રહ કરેલ છે. આ સરોવરની ચારે બાજુએ હરવાફરવા માટે પાકી સડક બાંધેલી છે. આ તળાવમાં હોડીઓ પણ ફરે છે, ઉન્હાળાની ચાંદની રાત્રે આ સરોવરમાં હોડીમાં ફરવું એક અવર્ણનીય આનંદ છે. આબૂ પર્વત વનરાજીઓથી છવાયેલ છે તેથી આહ્લાદક લાગે છે પણ આ સરોવર તેની શોભામાં

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિશેષ વધારો કરે છે આ તળાવ અર્ધો માઈલ લાંબું અને પા માઈલ પહોળું છે.

**સનસેટ પોઇન્ટ:—**

આબૂ પર ફરવા માટે લોકો આ પોઈન્ટ સુધી સાંજે જાય છે. ડુંગરના આ છેડાને સનસેટ પોઇન્ટ કહે છે, કારણ કે અહીંથી અસ્ત થતાં સૂર્યનો દેખાવ બહુ જ રમ્ય લાગે છે. તે વખતે સૂર્યના બિંબ પર અને આસપાસના આકાશમાં સુંદર જુદા જુદા રંગો બદલાયા કરે છે

**અર્બુદા દેવી:—**

દેલવાડાથી આબૂ કેંપમાં જતાં બીકાનેર હાઉસની સામેના પહાડ પરની ગુફામાં અર્બુદાદેવી અદ્ધર ઉભેલા છે. નખીતળાવને રસ્તે જતાં પગથિયાવાળો રસ્તો આવે છે. પગથિયાં ચઢી પહાડની ટોચ પર પહોંચાય છે. પહાડની વચ્ચમાં એક ગુફામાં અંબિકાદેવીની મૂર્તિ છે. ગુફાનું પ્રવેશદ્વાર નીચું હોવાથી નીચા નમીને ગુફાની અંદર જઇ શકાય છે. આ પહાડ પરથી ગિરિરાજ આબૂનું સુંદર દૃશ્ય નજરે પડે છે.

**વસિષ્ઠાશ્રમ:—**

ચોથે દિવસે હું વસિષ્ઠાશ્રમ જોવા ગયો હતો વસિષ્ઠાશ્રમ આબૂ કેંપથી પહાડની બાજુના ઢાળ પર સાડાત્રણ માઇલ દૂર છે. દોઢમાઈલ ચાલ્યા પછી નીચે ઉતરવાના પત્થરના લગભગ સાતસો પગથીયા આવે છે. આખો રસ્તો જાંબુ અને કરમદાના ઝાડોથી છવાયેલ છે. વળી હવા ઠંડી હોય છે તેથી પગથિયા ઉતરવામાં મજા આવે છે. પગથિયા ઉતરી રહ્યા પછી એક પાણીનો કુંડ આવે છે. આ કુંડમાં ગાયના મુખમાંથી સતત પાણી પડે છે, ત્યાંથી થોડે દૂર વસિષ્ઠાશ્રમ આવેલ છે.

**ગુરુશિખર:—**

પાંચમે દિવસે હું ગુરુશિખર ગયો હતો. ગુરુશિખર આબૂ પહાડનું સૌથી ઊંચું શિખર છે. દેલવાડાથી છ માઇલ દૂર છે, ઓરીયાથી અઢી માઇલ દૂર છે અને ત્યાંથી રસ્તો ચઢાવવાળો છે. આ શિખર સમુદ્રની સપાટીથી ૫૬૫૦ ફૂટ ઉંચાઈએ આવેલું છે. ત્યાંથી આસપાસ નજર કરતાં એક તરફ શીરોહી શહેર નજરે પડે છે ત્યાંથી આબૂ પર ચઢવાના મોટરના રસ્તાના વળાંકો પણ જોઈ શકાય છે.

આબૂ પર કેટલીક વિચિત્ર અને અજાયબ આકારની શિલાઓ આવેલી છે. નખી સરોવરની દક્ષિણ બાજુ પર આવેલ શિલા જેનો આકાર એક મોટા દેડકા જેવો છે તેને લોકો "ટોડ રોક" કહે છે. બીજી એક આકર્ષક શિલા કે જેનો આકાર ખ્રીસ્તીધર્મની સાધ્વી બાઇ જેવો છે તેને લોકો "નન રોક" કહે છે.

હું હંમેશાં રાત્રે (સ્વ.) મુનિમહારાજ શ્રી જયંતવિજયજીનું "તીર્થરાજ આબૂ"નું પુસ્તક વાંચતો હતો અને બપોરે તેની મદદથી કોતરણીના ભાવો જોતો હતો. કોઇ કોઇ વખત જોતાં જોતાં ડોક દુ:ખવા આવે ત્યારે કોતરણીની નીચે સૂઇને પણ કોતરણીની રચના જોવાનો આનંદ અનુભવતો હતો. આમ પાંચ દિવસ બપોરે કોતરણી જોઇ તોપણ મેં સંપૂર્ણ રીતે કોતરણી જોઇ નથી એમ જણાતું હતું. મારી સૂચના છે કે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ કોતરણીની રચના સમજાવનાર એક ભોમિયો રાખવો જોઇએ. તે ભોમિયો સંસ્કારી અને અંગ્રેજી ભણેલો હોવો જોઇએ. વળી તે થોડું શિલ્પશાસ્ત્રના જ્ઞાનવાળો અને ધાર્મિક કથાઓનો અભ્યાસી હોવો જોઇએ કે જેથી તે ભોમિયો યાત્રાળુઓને સુંદર ભાષામાં રચનાના ભાવો સમજાવી શકે.

આવા સ્થાનોમાં રાત્રે યાત્રાળુઓ સંપૂર્ણ આરામ અને શાંતિ અનુભવી શકે તે માટે રાગે દશ વાગે ઓરડીની લાઇટો બંધ કરવી જોઇએ. વળી રાત્રે યાત્રાળુઓને ચોપાટ કે પાને રમવાની મનાઇ કરવી જોઈએ

અંતમાં યાત્રાળુઓએ પરમાત્મા પાસે નીચે પ્રમાણે પ્રાર્થના કરવી.

**"મનમંદિર આવો રે, કહું એક વાતલડી;**
**અજ્ઞાનીની સંગે રે, રમીયો રાતલડી."**

હે પરમાત્મા, હું અજ્ઞાની સાથે સંસારમાં હવે રખડવા ઇચ્છતો નથી પણ આગમરૂપી તારી અમૃત વાણીનું પાન કરવા ઈચ્છા રાખું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રાજકન્યાઓની પરીક્ષા

લેખક : પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

જૈન સાહિત્ય એ કેવળ ધાર્મિક સાહિત્ય નથી. એમાં અસાંપ્રદાયિક સાર્વજનિક વિષયો પણ પુષ્કળ પ્રમાણમાં આલેખાયા છે. આને લઈને જૈન સાહિત્ય એ જૈનોને જ નહિ પણ અજૈનોને પણ અધ્યયનનું એક મહત્ત્વનું અંગ પૂરું પાડે છે. આમ હોઈ જૈન પ્રકાશનો ગમે તેવાં હોય તે આ યુગમાં ચાલી શકે નહિ. એને માટે યોગ્ય સંપાદકોને કામ સોંપાવું જોઈએ

વિષયોના નિરૂપણ માટે અમુક વિષયને કેન્દ્રમાં રાખી એની સાથે સાથે અન્ય પ્રાસંગિક બાબતોને પણ કેટલીકવાર ગૂંથી લેવાય છે. આવી એક બાબત તે "રાજકન્યાઓની પરીક્ષા" છે. આને અંગે હાલતુરત તો હું બે ઘટનાઓ અહીં નોંધું છું. આ પૈકી એક ઘટના -શ્રીપાલ નરેશના ચરિત્રમાં રજૂ કરાયેલી છે, જ્યારે બીજી 'સહસ્રાવધાની' મુનિસુન્દરસૂરિના શિષ્ય રત્નશેખરસૂરિએ **આચારપ્રદીપમાં** વિ. સં. ૧૫૧૬માં વર્ણવી છે. પ્રથમ ઘટના સુપ્રસિદ્ધ છે અને એમાં પરીક્ષા માટે પુછાયેલા પ્રશ્નો પણ સહેલા છે એટલે એ ઘટનાને આ લેખમાં હું સ્થાન આપતો નથી.

બીજી ઘટનામાં બે રાજકુમારીઓને રાજસભામાં[1] ચૌદ વિવિધ પ્રશ્નો પુછાય છે, તેમાંના ચાર પ્રશ્નો ગણિતને અંગેના છે. અને એ તો મેં "રાજકન્યાઓની ગણિતની પરીક્ષા" નામના લેખ દ્વારા રજૂ કર્યા છે એટલે એ સિવાયના પ્રશ્નો હું અહીં હાથ ધરું છું.

**આચારપ્રદીપમાં** પૃથ્વીપાલ નૃપની કથાનો આ પ્રસંગ છે. એમાં ચન્દ્ર રાજાની આજ્ઞાથી પુત્રીને–પહેલી રાજકન્યાને નિમ્નલિખિત પ્રશ્ન–કોયડો પુછાય છે:—

(૧) ज्ञानवती चैतन्यं विना
विना राज्यमातपत्राढ्या ।
विद्यां*विना द्विरूपा क्षणाददृश्या च दृश्या च ॥१॥
निम्नाऽप्यनिम्नसुषमा भीरुरपि त्रिजगतीजनाधारः।
अन्तर्मलिना मलिनासक्तिरपि ख्यातनैर्मल्या ॥२॥
कन्याङ्कितपुरुषवती क्षणे क्षणे रोषतोषदोषवती ।
अतिचपलापि सती या तां वद विदुरेऽचिरेणापि। ३

આ અર્થદૃષ્ટિએ સંલગ્ન ત્રણ પદ્યોનો ગુજરાતી અનુવાદ હું નીચે મુજબ કરું છું:—

હે વિચક્ષણ (રાજપુત્રી)! તું સત્વર કહે કે એવી તે શી વસ્તુ છે કે જે ચૈતન્ય વિના(ની હોવા છતાં) જ્ઞાનવાળી છે, રાજ્ય વગર(ની છતાં) છત્રવડે યુક્ત છે, વિદ્યા વિના પણ બે રૂપવાળી છે, ક્ષણમાં અદૃશ્ય અને ક્ષણમાં દૃશ્ય છે, જે નીચી છે છતાં ઊંચા સુખને આપનારી છે, જે બીકણ છે છતાં ત્રૈલોક્યના મનુષ્યનો આધાર છે, જે અંદરથી મલિન છે, જે મલિન એવા કાજળ જેવા પદાર્થને વિષે આસક્ત છે છતાં નિર્મળતા માટે વિખ્યાત છે, કન્યાથી અંકિત છતાં પુરુષ જેવી છે, વળી જે ક્ષણે ક્ષણે ક્રોધ અને સંતોષરૂપ દોષવાળી છે (અર્થાત્ જે ઘડીકમાં રુષ્ટ બને છે તો ઘડીકમાં તુષ્ટ બને છે) તેમજ જે અતિશય ચપળ છે છતાં સતી છે.

આનો ઉત્તર પ્રથમ કન્યાએ નીચે મુજબ આપ્યો:–

"कृतविष्टपनिविष्टशिष्टाशिष्टहर्षवृष्टिर्दृष्टिरियम्"

આનો અર્થ એ છે કે જગતમાં રહેલા શિષ્ટ તેમજ અશિષ્ટ(જનો)ને હર્ષની વૃષ્ટિ કરનારી આ દૃષ્ટિ યાને આંખ,

બીજી રાજકન્યાને નીચે પ્રમાણેનો કોયડો પૂછવામાં આવ્યો:—

---

[1] સાતમો પ્રશ્ન ૨૩ પેટા પ્રશ્નનો બનેલો છે. એવી રીતે આઠમો પ્રશ્ન ૩૩ પેટા પ્રશ્નનો બનેલો છે.

* "विनाऽहिरूपा". એવો પણ પાઠ મળે છે. એમાં 'અહિરૂપા'થી સર્પના આકારવાળી એમ સમજવાનું છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(२) "चक्रधरोऽपि न चक्री
भूरिघटीघट्टितोऽपि न दिवसः ।
नित्यभ्रमोऽपि न खगो
वक्त्रविहीनोऽपि पटुरटनः ॥१॥
सस्यसमृद्धिविधाता कर्षकहर्षप्रकर्षदाता च ।
पातालाज्जलकर्षी जलवर्षी, चापि न तु जलदः॥२॥
नैकेन न च द्वाभ्यामपि तु
त्रिभिरेव कार्यकृत् सततम् ।
मालाभृदपि न माली
नीचोऽप्युच्चश्च ननु कोऽसौ ? ॥३॥"

આ ત્રણ પદ્યો પણ અર્થદષ્ટિએ ભેગા વિચારવાનાં છે. એનો અનુવાદ હું નીચે પ્રમાણે કરું છું:-

એ ખરેખર કોણ છે કે જે ચક્રનો ધારક છે છતાં ચક્રી (એટલે કે વિષ્ણુ) નથી, જે અનેક ઘડીઓથી ઘડાયેલો હોવા છતાં દિવસ નથી, જે સદા ભ્રમણ કરે છે છતાં પક્ષી નથી, જે વદન વિનાનો છે છતાં સુન્દર બોલે છે, જે ધાન્યની સમૃદ્ધિનો કરનાર છે, વળી ખેડુતના હર્ષના પ્રકર્ષને કરનાર છે અને પાતાળમાંથી જળ ખેંચનાર છે, વિશેષમાં એ જળ વર્ષાવે છે છતાં મેઘ નથી તેમજ એકથી નહિ તેમ બેથી પણ નહિ પરંતુ ત્રણથી સતત કાર્ય કરનાર છે, વળી એ માળાને ધારણ કરે છે છતાં માળી નથી તેમ જ નીચો છે છતાં ઊંચો છે.

આનો ઉત્તર બીજી રાજકન્યાએ ઝટ આપ્યો કે 'અરઘટ્ટ' યાને પાણી કાઢવાનો 'રેંટ' અર્થાત્ કૂવામાંથી પાણી કાઢવાની ઠોચકાંવાળી ચક્રની યોજના.

ત્યાર બાદ બુદ્ધિશાળી પુરુષોએ બંને કન્યાઓને અનુક્રમે નીચે પ્રમાણેના એકેક શ્લોકનો અર્થ પૂછ્યો -

(३) "विनयगुणेन विनेयः
सर्वत्रातिशयितां श्रयति नियतम् ।
अत्र तु जने विनेयो
विनयविहीनोऽपि चित्रमहो ॥१॥
(४) सर्वत्रास्खलितनयैस्तनयै
रतिशायिता नृणां विदिता ॥
अत्र तु गलितनयाभिस्तनयाभिरपीयमद्भुतकृत्॥ २

આ પૈકી પ્રથમ શ્લોકનો અર્થ ઉપલક દૃષ્ટિએ નીચે મુજબ છે:—

વિનયરૂપ ગુણવડે વિનેય (એટલે કે શિષ્ય) સર્વત્ર અતિશયપણાને નિશ્ચે પામે છે. જ્યારે અહીં લોકમાં વિનય વિનાનો પણ વિનેય એ પામે છે એ આશ્ચર્ય છે.

આદ્ય પદ્યના દ્વિતીય ચરણમાં "विनयविहीनः"થી વિ,ન્ અને યૂથી રહિત એવો અર્થ કરી, 'विनेयो'-માંથી વિ,ન્ અને યૂ બાદ કરતાં ए અને ओ રહે અને એ બેની સન્ધિ થતાં अयो બને, અને એનો અર્થ 'શુભ કર્મ' થાય. આમ વિચારી પ્રથમ કન્યાએ આ વાત अयो એવો ઉત્તર આપી રજૂ કરી. અને એ રીતે વિલક્ષણતાનો-વિરોધાભાસનો પરિહાર કર્યો કેમકે શુભકર્મવાળો અવિનયી હોય તો પણ એ કર્મને લઈને શ્રેષ્ઠતાને પામે એમાં નવાઈ નથી.

બીજા શ્લોકનો ઉપલક દૃષ્ટિએ અર્થ નીચે પ્રમાણે થાય છે:—

સર્વત્ર અસ્ખલિત નીતિવાળા પુત્રોવડે પુરુષોમાં અતિશયપણું જાણીતું છે; જ્યારે અહીં તો જેમની નીતિ ગળી ગઈ છે એવી પુત્રીઓથી પણ તેમ છે, આ આશ્ચર્યકારી છે.

આનો ખુલાસો બીજી કન્યાએ "गलितनयाभिः" કર્યો. તેનો અર્થ 'न' અને 'य'થી રહિત એમ કર્યો. "तनयाभिः" સાથે એ વિચારતાં त+आभिः એટલે ताभिः એમ પદ બન્યું. ता નો અર્થ 'લક્ષ્મી' થાય છે એટલે તેમ કરી કન્યાએ 'ताभिः' એમ કહ્યું. આમ કન્યાએ લક્ષ્મીવડે શ્રેષ્ઠતા સૂચવી.

ત્યાર બાદ બે પંડિતોએ બે અપરા પ્રશ્ન નીચે મુજબ પૂછ્યા:—

(५) "विनाऽऽकृतिं विधुः
साधुर्वञ्चितोऽखंडमध्वयुक् ।
यद् रूपं प्राप्नुयात् तत् त्वं
नित्यं प्राप्नुहि किं नु तत् ? ॥१॥
(६) कमला विमलाऽनयाश्रिता
ननु सांमत्यमतिस्मयं गता ।
अमितेति सुगुप्तनामकं जैना
अभ्युपयन्ति नाम कम् ? ॥२॥"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ બે પ્રશ્નના ઉત્તર અનુક્રમે પહેલી અને બીજી રાજકન્યાએ 'सुखं' અને 'अनेकान्त' એમ આપ્યા. આ ઉત્તરો કેવી રીતે સુસંગત છે તે પણ તેમણે નીચે મુજબ દર્શાવ્યું:—

'સાધુ' શબ્દ આકૃતિ એટલે 'આ' વિનાનો તેમજ 'વિધુ' કહેતાં 'ધુ' વગરનો બનતાં 'સ' રહે. એને 'વંચિત' અર્થાત્ 'ઉ' થી અંચિત એટલે કે યુક્ત કરતાં 'સુ' બને. એની સાથે 'અખંડ' શબ્દમાંનો મધ્ય અક્ષર 'ખ' જોડતાં 'सुखं' બને.

'કમલા' શબ્દ 'વિમલા' એટલે 'મલા' રહિત બનતાં 'क' રહે અને 'અનયાશ્રિતા' એટલે 'અને' વડે આશ્રિત થતાં 'અનેક' બને. 'સામત્યં' માંથી 'સ્મય' જેટલો અંશ જતો રહેતાં 'આત્' રહે. એને 'અમિત' કહેતાં 'અમ્' થી યુક્ત કરતાં 'આંતમ્' બને. એને 'અનેક' સાથે જોડતાં 'अनेकान्तम्' ઉદ્ભવે. એ અનેકાન્તને એટલે કે સ્યાદ્વાદને જૈનો સ્વીકારે છે.

આ ઉત્તરો પૂરા થતાં એક ચતુર પુરુષે પહેલી કન્યાને ૨૩ પેટા પ્રશ્નવાળો અતિવિકટ પ્રશ્ન નીચે મુજબ પૂછ્યો:—

(૭) ईशश्रीजेन्दुबालाऽण्डजविधिमघवत्
कण्ठ्यवर्णावनक्रुद्-
भाषाधर्त्रीशिवार्थान् वदत,
सितकरः कीदृशः ? को विशेषे ? ।
हेयः को भ्वादिधातून् कथयत,
चतुरः स्वर्णवाची मरालः,
कीदृग् नानार्थभृत् ? कः स्फुरति वपुषि ?
कस्तीर्थकृत् ? कः श्रिये स्यात् ? ॥
अत्र त्रयोविंशतेः प्रश्नानां त्रिभिरेव वर्णैः प्रत्युत्तरं प्रदेहि ।"

આ પદ્યનો અનુવાદ હું નીચે મુજબ કરું છું:–

(૧–૧૨) ઈશ એટલે શિવ, શ્રીજ એટલે કામદેવ, ચન્દ્ર, બાળક, પક્ષી, બ્રહ્મા, ઇન્દ્ર, કંઠ્ય વર્ણ, રક્ષણ, ક્રોધ ચડે એવી ભાષા, ધારણ કરનારી અને શિવ એ (બાર) અર્થોને (કહેનાર શબ્દ) કયો છે તે તમે કહો. (૧૩) ચન્દ્ર કેવો છે? (૧૪) વિશેષ (કહેનારો શબ્દ) કયો છે? (૧૫) ત્યાગ કરવા લાયક શું છે? (૧૬–૧૯) 'ભ્વાદિ' ચાર ધાતુઓ તમે કહો. (૨૦) મરાલ (શબ્દ) સુવર્ણવાચક કેમ બને? (૨૧) વિવિધ અર્થોને ધારણ કરનાર (શબ્દ) કયો? (૨૨) શરીરમાં શું સ્ફુરે છે? અને (૨૩) તીર્થંકર કોણ તેમજ કોણ કલ્યાણ માટે થાય?

આ ત્રેવીસ પ્રશ્નોના ઉત્તર ત્રણ જ અક્ષર(વાળા શબ્દ)થી આપ. પ્રથમ કન્યાએ તરત જ જવાબ આપ્યો: "विमलः".

આ જવાબ કેવી રીતે સાચો છે તે હું દર્શાવું છું:–

(૧–૪) 'ઉ' એ શિવવાચક શબ્દ છે, 'ઈ' કામદેવવાચક છે, 'મ' ચન્દ્રવાચક છે અને 'લસ્'નો અર્થ ક્રીડા કરનાર બાળક થાય છે. આમ ઉ+ઈ+મ+લસ્=विमलः.

(૫–૮) એવી રીતે 'વિ', 'મ' અને 'લ'એ અનુક્રમે પક્ષી, બ્રહ્મા અને ઇન્દ્ર એ અર્થવાળા શબ્દો છે. વિસર્ગ કંઠ્ય વર્ણ છે. આમ એ બધા મળી (વિ+મ+લ+:) विमलः બને છે.

(૯–૧૨) 'ઊ'નો અર્થ રક્ષણ થાય છે અને 'ઈ' એ કોઈક દેશમાં ક્રોધવાચક શબ્દ ગણાય છે. વળી 'મલ્'નો અર્થ ધારણ કરનાર થાય છે અને 'અ'નો અર્થ 'શિવ' થાય છે. આથી ઊ+ઈ+મલ્+અઃ=विमलः.

આમ પ્રથમના બાર પ્રશ્નોનો વિચાર આપણે કર્યો હવે બાકીના પ્રશ્નોના ઉત્તરની સંગતિ વિચારશું.

(૧૩) ચન્દ્ર કેવો છે એનો ઉત્તર એ નિર્મળ છે. આ વાત विमलः થી જણાઈ છે.

(૧૪–૧૫) 'वि' એ વિશેષતાવાચક શબ્દ છે અને 'મલ' એટલે 'પાપ' ત્યાજ્ય છે. આ બેનો ભેગો વિચાર કરતાં विमलः બને છે.

(૧૬–૧૯) ઉ, ઈ, મલ્ અને અસ્ એ ચાર 'ભ્વાદિ' ધાતુ છે. એ સામટાં લેતાં "विमलः" બને છે.

(૨૦) 'विमलः मरालः' માં પ્રથમ શબ્દનો 'મ' અને 'લ' થી રહિત એવો અર્થ કરતાં 'मरालः' राः બને, અને એનો અર્થ 'સુવર્ણ' છે.

(૨૧–૨૨) 'वि' વિવિધ અર્થને ધારણ કરે છે અને શરીરમાં 'મલ' એટલે કે 'મેલ' સ્ફુરે છે. આમ वि+मलः=विमलः.

૨૩ 'વિમલ' એ તેરમા તીર્થંકરનું નામ છે.

આમ विमलः નો નવ રીતે અહીં વિચાર કરાયો છે.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી પ્રશ્નોત્તરસાર્ધશતક

( ૧૮ )

અનુ૦ આચાર્યશ્રી વિજયમહેન્દ્રસૂરીશ્વરજી મહારાજ

પ્ર૦ (૭૭)—જંબૂદ્વીપમાં રહેલ જંઘાચારણ આદિ સાધુઓ જ્યારે ચૈત્યવંદન કરવા માટે રૂચકદ્વીપાદિને વિષે જાય ત્યારે વચમાં લવણસમુદ્રમાં રહેલ સોલ હજાર યોજન ઊંચી લવણસમુદ્રની શીખાને કેવી રીતે ઉલ્લંઘે? સચિત્ત જલનો સ્પર્શ થવાનો સંભવ છે?

ઉ૦—તે મુનિયો શરૂઆતથી જ તીર્ચ્છા જતા નથી પરંતુ પહેલા કંઇક અધિક સત્તર હજાર યોજન ઊંચે જઇને પછી તીર્ચ્છા જાય છે માટે પાણીનો સ્પર્શ થતો નથી. શ્રી સમવાયાંગસૂત્રની ટીકામાં—**लवणेणं समुद्दे सत्तरसजोयणसहस्साइं सव्वग्गेणं पन्नत्ते इमीसेणं रयणप्पभाए पुढवीए बहुसम रमणिज्जाओ भूमिभागाओ सातिरेगाइं सत्तरसजोयणसहस्साइं उद्ढं उप्पइत्ता तत्तो पच्छा चारणाणं तिरियं गई पवत्तइत्ति सूत्रं चारणाणंति जंघाचारणाणं विद्याचारणाणं, तिरियंति तिर्यग्-रुचकादिद्वीपगमनाय इति तद्वृत्तिः ॥** ભાવાર્થ–લવણસમુદ્રમાં કુલ સત્તર હજાર યોજનની શીખા કહેલ છે. આ રત્નપ્રભા પૃથ્વીના સમભૂભાગથી કંઇક અધિક સત્તર હજાર યોજન ઊંચે જઇને પછી ચારણ મુનિઓ રુચકદ્વીપ જવાને માટે તીર્ચ્છાગતિ કરે છે. ॥ ૭૭ ॥

પ્ર૦ (૭૮)—સાધુઓએ ગૃહસ્થની પાસેથી કાપેલું જ વસ્ત્ર યાચીને પહેરવું જોઇએ, પરંતુ કાપેલું વસ્ત્ર ન મલે તો પોતે કાપે કે નહિ?

ઉ૦—જો પ્રમાણ યુક્ત કાપેલું વસ્ત્ર ન મલે તો પોતે પણ કાપે–આ વાત બૃહત્કલ્પસૂત્રના બીજા ખંડમાં શંકા-સમાધાનપૂર્વક કહેલ છે. સંક્ષેપથી તે પાઠ આ પ્રમાણે છે–**नो कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा अभिन्नाइं वत्थाइं धारित्तए ॥** સાધુ અથવા સાધ્વીઓને છેદ્યા વગરનું વસ્ત્ર ધારણ કરવું કલ્પે નહિ માટે છેદેલું જ એટલે કાપેલું જ વસ્ત્ર ગ્રહણ કરવું. છેદેલું ન મળે તો પોતે કાપીને લે એટલે જેટલું પ્રમાણથી અધિક હોય તેટલું કાપીને પ્રમાણ યુક્ત કરે. આ સ્થળે કેટલાક **શંકા** કરે છે કે વસ્ત્ર કાપવાથી શબ્દ ઉત્પન્ન થાય છે, સૂક્ષ્મ પાંખવાળા જીવો ઊડે છે. આ બન્ને નિકળેલા શબ્દ અને જીવો લોકના છેડા સુધી જાય છે, અથવા શબ્દથી પ્રેરાયલા પુદ્ગલો લોકના છેડા સુધી પહોંચે છે, તથા તેના શરીરના ચાલવાથી નિકળેલા પવન વિગેરે ફેલાતા સમગ્ર લોક વ્યાપક થાય છે તેથી સૂક્ષ્મ જીવની વિરાધના થાય માટે આ આરંભ સાવદ્ય જાણીને જેવું વસ્ત્ર મળે તેવું વાપરવું પણ કામવું નહિ? શ્રી ભગવતીસૂત્રમાં પણ હાલતાચાલતા ચેષ્ટાવાળા જીવને મોક્ષનો નિષેધ કરેલ છે. સંયમના સાધનભૂત શરીરના નિર્વાહને માટે ગોચરી જવાનું, ભોજન, શયન આદિ ક્રિયાનો નિષેધ કરી શકાય નહિ; માટે વસ્ત્ર કાપવાની પ્રવૃત્તિ ન કરવી, આ પ્રમાણે વાદીએ પોતાનો પક્ષ સ્થાપન કર્યા પછી સમાધાન કરતા સૂરિમહારાજ કહે છે કે "आरंभमिट्ठोजइ યત્નાપૂર્વકનો આરંભ ઇષ્ટ છે. બીજું હે વાદી, વસ્ત્ર છેદતા એક વાર થોડો દોષ લાગે છે પરંતુ વસ્ત્ર ન કાપે તો પ્રમાણથી અધિક વસ્ત્રને પડિલેહણ કરતા જમીન ઉપર સ્પર્શ, હાલવા આદિ હંમેશના દોષો લાગે છે. વલી તે વસ્ત્રને પહેરતા વિભૂષા આદિ જે દોષો લાગે તેનો પણ તું વિચાર કર. **શંકા**–ફરી વાદી કહે છે કે જો વસ્ત્ર છેદવામાં તમારા મતે પણ એક વાર દોષ લાગે છે તો તેવા વસ્ત્રનો ત્યાગ કરવો જોઇએ. ગૃહસ્થોએ પોતાને માટે જે કાપેલ હોય તે વસ્ત્ર લેવું. **સમાધાન**–"घेतायं" જો કાપેલું વસ્ત્ર માંગે એટલે એની શોધ કરે તો તેટલો વખત તેને સૂત્ર અને અર્થ પૌરસીની હાનિ થાય,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેમજ જે આ વસ્ત્ર ક્ષૌમરૂપ હોય છે, તો પડિલેહણ-શુદ્ધિ આદિ ઘણા ગુણવાળો છે. એટલા માટે તે વખતે જ સાધુઓ વસ્ત્રને પ્રમાણયુક્ત કરી લે છે. જેથી સૂત્ર અર્થના વ્યાઘાત કાર્નિમિત્ત કરી પણ દોષ લાગે નહી, જેવી રીતે યતનાવાળા સાધુને આહાર-નિહારાદિ વિધિ વિષયક બધો યોગ તમારા મતે પણ નિર્દોષ છે, તેવી રીતે ઉપકરણનું કાપવું આદિ યતનાપૂર્વક કરાતું હોય તો નિર્દોષ છે, એમ સ્થાનનું હિંસકપણામાં દ્રવ્ય અને ભાવથી ચાર ભાંગા થાય છે. ૧ દ્રવ્યથી હિંસા કરે, ભાવથી નહિ, ૨ ભાવથી હિંસા કરે, દ્રવ્યથી નહિ, ૩ દ્રવ્યથી અને ભાવથી હિંસા કરે, ૪ દ્રવ્યથી અને ભાવથી પણ હિંસા ન કરે. અહીં પહેલા ભાગામાં વર્તતા જીવને ભગવાને અહિંસક જ કહેલ છે. ઇત્યાદિ. તેમજ બન્ને બાજુ છેદેલ વસ્ત્ર લક્ષણ વગરનું થાય છે. વસ્ત્રમાં ઉપરથી ફાટેલું વસ્ત્ર પણ લક્ષણ વગરનું થાય તેવું વસ્ત્ર લેવાથી ઉલ્ટી જ્ઞાનાદિકની હાનિ થાય, પણ કંઈપણ ગુણ થાય નહિ. માટે તે લેવું તે ઉચિત નથી, પરંતુ પ્રશસ્તવર્ણ; સંસ્થાન આદિ લક્ષણ યુક્ત ઉપધિ સાધુઓને જ્ઞાન, દર્શન, ચારિત્રની વૃદ્ધિ કરનાર કહેલ છે. તેથી લક્ષણ વગરની ઉપધિ લેતા શરમો, તેથી એમ થયું કે આ વિધિવડે જ તેવી રીતે છેદવું કે જેથી પ્રમાણયુક્ત થાય, બીજું સાધુ શોભાને માટે જો વસ્ત્ર ધુવે, વાળે અથવા ઘસે કે સાફ કરે તો પ્રાયશ્ચિત થાય. તેમજ મૂર્છાવડે જો ન વાપરે તો પ્રાયશ્ચિત આવે, વિસ્તાર-ની ઇચ્છાવાળાએ તે ટીકા જોવી. ॥ ૭૮ ॥ (ચાલુ)

## પુસ્તકોની પહોંચ

**૧. શ્રી ધર્મસંગ્રહ–ગુજરાતી ભાષાંતર (ભાગ બીજો)**—ભાષાંતરકાર પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી વિજયમનોહરસૂરીશ્વરજી મહારાજશ્રીના વિદ્વાન ક્રિયાનિષ્ઠ શિષ્ય મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ, પ્રકાશક–શા અમૃતલાલ જેશંગભાઈ, અમદાવાદ, ક્રાઉન આઠપેજી મોટી સાઇઝના પૃષ્ઠ આશરે ૬૦૦, પાકું હોલ્કલોથ બાઇંડીંગ, સુંદર છાપકામ, મૂલ્ય રૂા. આઠ. પોસ્ટેજ રૂા. પોણાબે.

સામાચારીને માટે આ અપૂર્વગ્રંથ છે. જૈન મુનિરાજોને કેવા કઠિન આચાર-વિચાર ને નિયમો પાળવાના હોય છે, તેમજ તેઓની સંયમ–યાત્રા કેટલી દુષ્કર અને દુર્ઘટ હોય છે. તે આ ગ્રંથમાં બારીકાઇથી છણાવટપૂર્વક દર્શાવવામાં આવેલ છે. આજે જૈનો પણ સાચા ગુરુ તત્ત્વને સમજવામાં તેમજ ઓળખવામાં ઉદાસીન અને રસવિહોણા બનતા જાય છે, તેઓને માટે આ ગ્રંથ ખાસ કરીને મનનપૂર્વક વાંચવા તેમજ અવલોકન કરવા જેવો છે. વિશેષે કરીને જૈનેતર સમાજમાં પણ આવા ઉત્તમ ગ્રંથનું વાંચન વધે તેવા પ્રયાસો કરવાની અગત્ય છે. જેથી જૈન ધર્મનું સૂક્ષ્મ અને હિતકારક સ્વરૂપ સમજાયા ઉપરાંત જૈન સાધુ–મુનિરાજો કેવા ઉત્તમ કોટિના સંતપુરુષો છે, તેમનું તેમને દિગ્દર્શન થાય.

અઢારમા સૈકામાં થયેલ મહાન જ્યોતિર્ધર પૂ. શ્રી માનવિજયજી ગણિવર્યે વિ. સં. ૧૭૩૧ માં આ અનુપમ ગ્રંથની રચના કરી હતી. આવા અમૂલ્ય ગ્રંથને સરસ રીતે સમજી શકાય અને સ્વપરહિતકારક થાય તેવા શુભાશયથી મહામહોપાધ્યાય ન્યાયવિશારદ શ્રીમદ્ યશોવિજયજી મહારાજે આ ગ્રંથ ઉપર ટીકા–ટિપ્પણ રચીને આ ગ્રંથને અલંકૃત કરવા ઉપરાંત અતિ ઉપયોગી અને અભ્યસનીય બનાવ્યો છે.

આ મહાગ્રંથના બે વિભાગ છે. પહેલા ભાગમાં ગૃહસ્થ ધર્મનું તલસ્પર્શી વિશદ વિવેચનનો સમાવેશ કરવામાં આવ્યો છે; જ્યારે આ બીજા વિભાગમાં સાધુ–મુનિરાજોના વ્રત, નિયમ, આચાર, સામાચારી વગેરે હકીકતોનું વિસ્તૃત વિવરણ છે.

For Private And Personal Use Only

આવા ગ્રંથનું ભાષાંતર કરવું એ પણ મુશ્કેલ કાર્ય છે. તેને પૂજ્ય મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજીએ પૂર્ણ રીતે પાર પાડેલ છે. તેઓશ્રીના આ શુભ પ્રયાસને આવકાર આપી, તેઓશ્રીના આ કાર્યની અનુમોદના કરી, ઉદ્બોધન અને ભૂમિકા લખી આપીને પૂ. આ. શ્રી વિજયજંબૂસૂરિજીએ તેમજ પૂ. શ્રી ભદ્રંકરવિજયજીગણિજીએ આ ગ્રંથની મહત્તામાં ઉમેરો કર્યો છે,

સમસ્તઅમદાવાદ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક જ્ઞાનોદ્ધાર ફંડ (શેઠ મનસુખભાઈની પોળ–અમદાવાદ)ના ટ્રસ્ટીઓએ આ ગ્રંથપ્રકાશનમાં સહાય કરી છે તે પ્રશંસાપાત્ર છે.

૨ ન્યાયસમુચ્ચય:—શ્રી સિદ્ધહેમવ્યાકરણ પર વાચક શ્રી હેમહંસ ગણિએ "ન્યાયસંગ્રહ" નામનો ગ્રંથ રચેલ, તે જ ગ્રંથને પૂ. આચાર્ય શ્રી વિજયલાવણ્યસૂરિએ 'ન્યાયસમુચ્ચય' એવું નામ આપીને ન્યાયના આ ગહન ગ્રંથ પર "સિન્ધુ" નામની ટીકા અને "તરંગ" નામનું વિવરણ સ્વતંત્ર રીતે લખીને ન્યાયના અભ્યાસકો માટે સર્વાંગસુંદર ગ્રંથ પૂરો પાડ્યો છે.

મૂળ તો આ ગ્રંથ ૧૪૧ ન્યાયોનો બનેલો છે, તેના પર બાર હજાર શ્લોકપ્રમાણ ટીકા અને વિવરણ નૂતન રચીને પૂ. આચાર્ય મહારાજશ્રીએ જે અત્યુત્તમ પ્રયાસ કર્યો છે તે ખરેખર આવકારદાયક અને પ્રશંસનીય પણ છે.

શ્રી વિજયનેમિસૂરિ ગ્રંથમાળાના ઓગણપચાસમા પુષ્પ તરીકે શ્રી વિજયલાવણ્યસૂરિ-જ્ઞાનમંદિર બોટાદ તરફથી પ્રકાશિત કરવામાં આવેલ છે. આ ગ્રંથનું સંપાદન તેઓશ્રીના પ્રશિષ્ય પં. શ્રી સુશીલવિજયજી ગણિવર્યે કર્યું છે, તે તેઓશ્રીની વિદ્વત્તાનો પરિચય આપે છે. ક્રાઉન આઠ પેજી મોટી સાઈઝમાં પૃષ્ઠ ૨૭૫

૩. શ્રી કુંથુજિન પૂજા-સાર્થ-રચયિતા: પં. શ્રી રામવિજયજી ગણિવર. પ્રકાશક વોરા ત્રિભુવનદાસ કાળીદાસ ભાવનગરવાળા તરફથી સભાને ઉપરનો તથા આ બંને પુસ્તકો ભેટ મળ્યા છે.

શાન્તાક્રુઝમાં પ્રતિષ્ઠિત થયેલ શ્રી કુંથુનાથ ભગવંતને ઉદ્દેશીને વિદ્વાન પંન્યાસશ્રી મહારાજે આ નૂતન પૂજા રચી છે. શૈલી સરસ છે. ગાવામાં આનંદ આવે તેવી છે. પૂજા ઉપરાંત તેનો અર્થ પણ આપવામાં આવેલ હોવાથી સમજવામાં સુગમ પડે છે. પં. શ્રી મહારાજશ્રીનો આ પ્રયાસ સ્તુત્ય છે.

---


નવપદારાધન માટે અતિ ઉપયોગી — **સિદ્ધચક્રસ્વરૂપદર્શન (સચિત્ર)**

નવે દિવસની ક્રિયા-વિધિ, ખમાસમણા, નવકારવાળી, કાઉસગ્ગ, શ્રી સિદ્ધચક્રયંત્રોદ્ધાર-પૂજનવિધાન વિગેરે વિગતો સાથે શ્રી સિદ્ધચક્રના નવે પદનું સંક્ષિપ્ત સુંદર સ્વરૂપ છતાં મૂલ્ય માત્ર આઠ આના. લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

---

**સામાયિકમાં વાંચવા માટે**

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજનો સર્વશ્રેષ્ઠ ગ્રંથ

**જ્ઞાનસાર**-ગુજરાતી અનુવાદ સાથે અવશ્ય વાંચો

મૂલ્ય રૂપિયા ૨-૦-૦ લખો:—શ્રી જૈન ધ. પ્ર. સ.-ભાવનગર


મુદ્રક : ગિરધરલાલ ફુલચંદ શાહ-સાધના મુદ્રણાલય, દાણાપીઠ-ભાવનગર.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only